સુવિચાર
જીવનમાં હાર-જીત તો થયા જ કરે છે. પરંતુ જીત તો એની જ થાય છે જેનામાં ઉત્સાહ વધારે હોય.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૯/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ભાદરવા વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૪૧

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૨૭-૦૯-૨૦૨૪,શુક્રવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
નામ નોંધાવવુ ફરજીયાત છે
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૮૯૨ ૨૩૦૦૦

## બેરોજગારી, ભ્રષ્ટાચાર અને હવે મોંઘવારીએ ઉપાડો લીધો

# ડુંગળી, બટાટા, દાળ અને ખાદ્યતેલનાં ભાવમાં વધારો

એક તરફ સરકારી સંસ્થાઓ છુટક ફુગાવો ૪ ટકાથી નીચે હોવાનું જણાવે અને બીજી તરફ મોંઘવારી બેફામ

છેલ્લા ૨ વર્ષમાં બટાટા, ડુંગળી અને ટામેટાનાં ભાવ બેગણા વધી ગયા

સરકારી ફુગાવાનાં આંકડા અને વાસ્તવિક મોંઘવારી વચ્ચે કોઈ તાલમેલ જોવા મળતો નથી

બજારમાં મળતી જીવન જરૂરી લગભગ તમામ ચીજ વસ્તુઓનાં ભાવો આસમાને છે તે હકીકત છે






અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં ટામેટા, બટાટા, ખાદ્યતેલ, કઠોળ સહિતની ખાદ્યસામગ્રી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં ૩૦થી લઈને ૧૦૦ ટકાનો વધારો થઈ ચુકયો છે અને સરકાર તરફથી જાહેર થતાં ફુગાવા કે મોંઘવારીનાં આંકનો કોઈ તાલમેલ જોવા મળતો નથી. આજથી પાંચ વર્ષ પહેલા મળતી જીવનજરૂરી ૪૦ થી ૫૦ ચીજવસ્તુઓ જેમાં શાકભાજી, કઠોળ, ફ્રૂટ, ખાદ્યતેલ, વીજળી, પેટ્રોલ, સિમેન્ટ, સ્ટીલ, ઓટો સેકટર, સ્કૂલ ફી, દવા સહિતનાં ભાવમાં જબ્બરો વધારો થયો છે અને તેની સામે કરોડો પરિવારની આવકમાં વધારો થયો નથી.

## રમતા-રમતા પાણીમાં ખાડામાં પડી જતાં

# ખાંભા : મોટા સમઢીયાળા ગામે અઢી વર્ષનાં બાળકનું ડૂબી જવાથી મોત

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૨૫

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે એક અઢી વર્ષનું બાળક રમતા રમતા અકસ્માતે પાણીના ખાડામાં પડી જતાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખાંભા આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો. ફરજ પરના ડોકટર દ્વારા તપાસ કરતા બાળકને મૃત જાહેર કર્યુ હતું. આ બનાવથી ખોબા જેવડા ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ખાંભા તાલુકાના મોટા સમઢીયા ગામે રહેતા રમેશભાઈ સેજલિયા નામનાં ખેડૂતની વાડીમાં એક પરપ્રાંતિય પરિવાર ખેત મજુરનું કામ કરતો હોય ત્યારે એક અઢી વર્ષનું બાળક ત્યાં રમતું હોય. ત્યારે રમતા રમતા આ બાળક સોર્સ ખાડામાં પડી ગયો હતો. જેથી બાળકને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખાંભા આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના ડોકટર દ્વારા તપાસ કરી બાળકને મૃત જાહેર કરતા ખોબા જેવડા ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે.

## ખાણ-ખનિજ અને મહેસુલ વિભાગે સંયુકત દરોડા પાડયા

# અમરેલી અને રાજુલા પંથકમાં ખનિજ ચોરી કરતા ૭ ટ્રેકટર સહિત ૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત

### અમરેલી જિલ્લામાં ''સ્વચ્છતા અભિયાન'' ની જેમ ખનિજ ચોરી ડામવાનુ અભિયાન જરૂરી



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લો એ ખનીજ તત્વોની ચોરી કરનાર માટે સ્વર્ગ સમાન માનવામાં આવી રહયો છે. હપ્તાબાજીનાં કારણે દર વર્ષે કરોડા રૂપિયાની ખનિજ ચોરી કરીને અનેક રોડપતિઓ કરોડપતિઓ બની ગયા છે. તો અમુક રાજકીય આગેવાનો અને અધિકારીઓની ઘરની તિજોરી પણ નાણાથી છલોછલ થઈ ચુકી છે.

થોડા દિવસ પહેલા લીલીયા પંથકના ભાજપનાં જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલ દુધાતે ખનિજ ચોરી અટકાવવા માંગ કરતા ખાણ-ખનિજ અને મહેસુલ વિભાગે આજે અમરેલીનાં ચાંપાથળ અને ગોખરવાળા તેમજ રાજુલાના ખાખબાઈ અને વડ ખાતેથી

અનુસંધાન પાના ૬ ઉપર

## ૧ સપ્ટેમ્બર ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૪ સુધીમાં

# અમરેલીમાં રહેતી એક તરૂણી સાથે ૪ ઈસમોએ બળજબરી કરતાં ફરિયાદ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૫

અમરેલી તાલુકાનાં ગાવડકા ગામે રહેતા આરોપી સાહીલ અલ્તાફભાઈ સુમરાએ અમરેલીનાં જેસીંગપરા વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની ઉંમર ધરાવતી અને અભ્યાસ કરતી તરૂણીને આશરે બે વર્ષ પહેલા ગત તા. ૧/૯/૨૨નાં બપોરના આશરે બે વાગ્યાથી તા. ૨૪/૯/૨૪નાં સાંજના આશરે પોણા સાતેક વાગ્યા સુધીના સમય દરમ્યાન તેણી સાથે સોશ્યલ મીડિયા મારફતે ફ્રેન્ડશીપ કરી તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તરૂણીને લગ્નની લાલચ આપી તેણીના પિતાના કાયદેસરના વાલીપણામાંથી અવાર-નવાર અપહરણ કરી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ તરૂણી સાથે અવાર-નવાર રોમાન્સ તથા તેણી પાસે બદકામની માંગણી કરી

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૫/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન, વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત, લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU, આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર, જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
હૃદયરોગ નિષ્ણાંત
હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં મળશે
દર મહિનાના ચોથા ગુરૂવારે
તા : 26/09/2024
બપોરે ૧ થી ૨
9978966629, 9512015846
Net campus, ગોળ હોસ્પિટલ
www.netamrelihospital.com
ડો. અભિષેક રાવલ

## ધો. ૧ થી ૫ માં ૧૬૫૦ અને ધો. ૬ થી ૭માં ૧૯૫૦ની સહાય મળે છે

# પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવી એ લોઢાનાં ચણા ચાવવા જેવું

### સરકારનો હેતુ શિષ્યવૃત્તિ આપીને શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે કે બાળકોને પરેશાન કરવાનો છે ?

### નોટબંધીમાં જેમ દેશવાસીઓ લાઈનમાં લાગ્યા તેમ શિષ્યવૃત્તિ મેળવવા વાલીઓની લાઈન લાગી

### ભાજપ સરકારને દેશવાસીઓને લાઈનમાં ઉભા રાખવાની આદત પડી ગઈ લાગે છે

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા હેમાંગ રાવલનાં સરકાર પર શાબ્દિક પ્રહારો

અમદાવાદ, તા. ૨૫

સરકારીપ્રાથમિકશાળામાં અભ્યાસ કરતાં ધો.૧ થી ૫ ના વિદ્યાર્થીઓને૧૬૫૦/–રૂપિયાઅનેધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને ૧૯૫૦/–રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.જેની ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર દરખાસ્તકરવાનીહોયછે. એદરખાસ્ત કરવા માટે સૌથી પહેલાં વિદ્યાર્થીનું બેંક ખાતુંહોવુંજોઈએ બેંકખાતુંખોલવા માટે આધારકાર્ડ હોવું ફરજીયાત છે વિદ્યાર્થી અનેઅનેવાલીઆધારકાર્ડકઢાવવામાટે અને ધક્કા ખાધા પછી,લાઈનમાં ઉભા રહ્યા બાદ મહા મુસીબતે આધારકાર્ડ કઢાવે છે. ત્યારબાદ ખાતું ખોલવા માટે બેંકોનાધક્કાખાયછે,બાળકનુંબેંકખાતું બેંક ખોલી આપતી નથી. ઘણા બધા પ્રયત્નોપછીવિદ્યાર્થીપાંચહજારજેટલી રકમ બેંકમાં ડિપોઝીટ રાખે ત્યારે ખાતું ખોલી આપે. ત્યારબાદ શાળા કક્ષાએ ડીઝીટલ પોર્ટલમાં દરખાસ્ત કરવા આવકનો દાખલો કઢાવવાનો, જાતિનો દાખલો કઢાવવાનો ત્યારબાદ શાળાના આચાર્ય દરખાસ્ત કરે જેમાં વિદ્યાર્થીનું ધોરણ, પૂરૂં નામ, માતાનું નામ, જન્મતારીખ, જિલ્લો, તાલુકો, વસાહત, ઘરનુંસરનામું, પીનકોડ, માતા–પિતાનો વ્યવસાય, કોમ્યુનિટી કાસ્ટ, ધર્મ, શારીરિકખોડખાંપણ, કુંટુંબનીઆવક, વાલીનો મોબાઈલ નંબર, વિદ્યાર્થીના ટકા, હાજર દિવસ, બીપીએલ નંબર, વિદ્યાર્થીનું આધાર સ્ટેટ, આધાર નંબર, રેશનકાર્ડ નંબર, આધાર કેવાયસી, બેંક ડિટેઈલ આઈએફએસસી કોડ, બેંક એકાઉન્ટ નંબરવગેરે વિગતો અપલોડ કરવાની. જો આધારકાર્ડ અપડેટ હોય, રેશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંકહોયતો અને તો જ દરખાસ્ત સબમિટ થાય છે નહીંતર થતી નથી. ગુજરાત ડીઝીટલ સાઈટખુબજધીમીચાલતીહોયવારંવાર એરરઆવતીહોય,વહેલીસવારેજાગીને શિષ્યવૃત્તિ દરખાસ્ત કરીએ ત્યારે એક કલાકમાંમાંડ ૧૦જેટલીએન્ટ્રીથઈશકે અત્યાર સુધીમાં માંડ ૪૦% બાળકોની દરખાસ્ત થયેલ છે. એમાં વળી, ઈ–કેવાયસી ન હોય તો દરખાસ્ત થતી નથી, ઈ–કેવાયસી કરવા માટેનીપ્રક્રિયા પણખુબજ જટિલ છે.જેમાં પીડીએસ+ એપ્લિકેશનમાં શિક્ષકો એપ ઓપન કરે એટલે વિદ્યાર્થીના વાલીના મોબાઈલમાં ઓટીપી આવે ઓટીપી શિક્ષક વાલી પાસેમાંગેવાલીઓટીપીઆપેઓટીપી જનરેટ કરે ત્યારે આધાર કેવાયસી કરે સુચનાઓવાંચી, રેશનકાર્ડ નંબર દાખલ કરવા રેશનકાર્ડ દાખલ કરે એટલે ફરી પાછો વાલીના મોબાઈલ નંબરમાં ઓટીપી આવે શિક્ષક ઓટીપી માંગે ઓટીપી દાખલ કરવાનો ત્યારબાદ રેશનકાર્ડમાં જેટલા મેમ્બર હોય એટલા શો થાય એમાં જે વિદ્યાર્થીનું ઈ–કેવાયસી બાકી હોય એના નામ પર ટિક કરવાથી ફોટો કેપ્ચર કરવાનો ફોટો કેપ્ચર કરવા ફરી પાછો ઓટીપી આવે એ ઓટીપી વાલી પાસે માંગવો અપલોડ કરવો ત્યારબાદ ફોટો કેપ્ચર કરવામાં પણ સમય લાગે, ફોટો કેપ્ચર થયા બાદ વિદ્યાર્થીની આધાર ડિટેઈલ ખુલે એમાં ટીકકરીસબમિટફોરએપ્રુવલઆપીએ ત્યારે ઈ–કેવાયસી પૂરૂં થાય અને ત્યારબાદ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની દરખાસ્ત સબમિટ થાય, આટલી બધી પ્રક્રિયા વાલીઓ પોતાના કામના ભોગે, મજુરીના ભોગે કરવી પડતી હોય, ઘણાં બધાં કંટાળીને વાલીઓ કહે છે કે રહેવા દો સાહેબ મારે શિષ્યવૃત્તિ નથી જોઈતી. આમ માત્ર ૧૬૫૦/– જેટલી નજીવી શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવા સાત કોઠા વીંધવા જેવું કામ છે,જો ખરેખર સરકારને શિષ્યવૃત્તિઆપવીજહોયઅનેએમાટેની પ્રક્રિયા સરળ કરવી હોય તો આટલું નીચે પ્રમાણે ફોર્મેટ જ રાખવું જોઈએ, (૧) ક્રમ, (૨) વિદ્યાર્થીનું નામ, (૩) બેંકખાતાનંબર, (૪) બેંક, (૫) આઈએફએસસી કોડ, (૬) જમા આપવાની રકમ.

જે શિષ્યવૃત્તિનો હેતુ વિદ્યાર્થીને ભણતરમાં મદદરૂપ થવાનો હતો એનો આખો હેતુ જ માર્યો ગયો.

હવે શિષ્યવૃત્તિના લીધે વિદ્યાર્થીઓનું ભણતર બગડે એવી નોબત આવી ગઈ છે. માટે શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવી એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરૂં કામ થઈ ગયું છે. સમગ્ર ગુજરાતમાં હજી સુધી શિષ્યવૃત્તિનું માત્ર ૪૦% જ કામ થયુંછે અને વાલી અને વિદ્યાર્થીઓ જેમ નોટબંધીમાં લાઈનો લગાવતા હતા તેમ ચંપલો મૂકીને લાઈનો લગાવી રહ્યા છે. વિદ્યાર્થીઓ પણ પોતાનું ભણતર બગાડીને માત્ર નજીવી શિષ્યવૃત્તિ લેવા માટે દોડી રહ્યા છે અને તેમાં પણ સફળતા ન મળતા પોતે શિષ્યવૃત્તિ નથી લેવી તેવી અરજીઓ પણ કરી રહ્યા છે. ત્યારે સરકારે આ બાબતે ગંભીરતાથી વિચારીને શિષ્યવૃત્તિને સરળ બનાવવા માટે પગલા લેવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માંગણી કરે છે.

---

## સફાઈ મિત્ર સુરક્ષા શિબિર (અંત્યોદય દિવસ) અન્વયે

# લાઠી અને રાજુલા તાલુકામાં સાફ–સફાઈ, નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી : આરોગ્ય કાર્ડનું વિતરણ

### નાગરિકોને સ્વચ્છાગ્રાહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો

અમરેલી તા. ૨૫

''સ્વચ્છતા હી સેવા અભિયાન૨૦૨૪:સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' તા.૨ આકટોબર – મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન'ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન: સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' અભિયાનનું આહ્વાન કર્યુ છે.

તા.૨૫ સપ્ટેમ્બર,૨૦૨૪ સફાઈ મિત્ર સુરક્ષા શિબિર (અંત્યોદય દિવસ)ની ઉજવણી કરવામાં આવી, સાફ સફાઈનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. ગ્રામ્ય કક્ષાએ નિઃશુલ્ક આરોગ્ય ચકાસણીના આયોજન અન્વયે લાઠી અને રાજુલા તાલુકાના વિવિધ ગામોમાં આરોગ્ય ચકાસણી શિબિર યોજાઈ હતી. શિબિરમાં જનસામાન્ય સહભાગી થયા હતા, તેમને આરોગ્ય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, આવશ્યક તબીબી સેવાઓ પૂરી પાડવા અને જનસુખાકારીની ખાતરી કરવાના ઉમદા ઉદેશ સાથે આ નિઃશુલ્ક આરોગ્ય શિબિર યોજવામાં આવે છે. અંત્યોદય દિવસની પણ ઉજવણી કરવામાં આવી.

જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્રયત્ન કરવા અનુરોધ કરવામાં આવ્યો.

શહેર અને ગ્રામ્ય વિસ્તાર સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું બને, રોગચાળા મુકત બને તે બાબતે સહિયારી જવાબદારી સાથે સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

---

# અમરેલી : મોટરકારની નવી સિરીઝ માટે એ.આર.ટી.ઓ. દ્વારા ઈ–ઓકશન પ્રક્રિયા

અમરેલી તા. ૨૫

અમરેલી એઆરટીઓ દ્વારા મોટરકારની નવી સિરીઝ GJ૧૪ BD BG ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૩૦/૯/૨૦૨૪ સાંજે ૪ વાગ્યા થી તા. ૬/૧૦/૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા. ૬/૮/૨૦૨૪ થી તા. ૮/૧૦/૨૦૨૪ સુધી રહેશે. ઈ ઓકશનનું પરિણામ તા. ૮/૧૦/૨૦૨૪ના રોજ જાહેર થશે.

ઓનલાઈન ઈ ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan. gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવો.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુટયુબમાં ઈ ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## જુદા જુદા ૪ વોર્ડની કામગીરી

# સાવરકુંડલા ખાતે વહીવટીતંત્ર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

### મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં શહેરી વિસ્તારના નાગરીકોની વ્યકિતલક્ષી રજુઆતોના સ્થળ પર ત્વરિત ઉકેલ માટે સરકારની સૂચના પ્રમાણે જિલ્લા વહીવટી તંત્ર, તાલુકા વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા મહુવા રોડ ખાતે આવેલ નગરપાલિકા કચેરી પ્રેસ ગ્રાઉન્ડ ખાતે સેવસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં વોર્ડ નંબર ૧, ૪, ૫ અને ૬ માં રહેતા તેમજ સમગ્ર સાવરકુંડલા શહેરના લાભાર્થીઓએ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લીધો હતો આ કેમ્પમાં સાવરકુંડલા પ્રાંત અધિકારી ધારાબેન ભલાળા, મામલતદાર બારૈયા, તાલુકા વિકાસ અધિકારી કે.પી. પરમાર, ચીફ ઓફીસર હસમુખભાઈ બોરડ, પાલિકા એન્જિનયર હરેશગીરી ગોસાઈ, હાઉસટેકસ ઈન્સપેકટર મનોજભાઈ ત્રિવેદી સહિતના અધિકારીઓ ઉપસ્થિતિમાં આ સેવાસેતુ કાર્યક્રમનો સાવરકુંડલાની જનતાએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો અને આવક, જાતિ, નોન ક્રીમીલીયર, સીનીયર સીટીઝન, મુખ્યમંત્રી બાળસેવા યોજના, રેશનકાર્ડમાં નામ ઉમેરવા, કમી કરવા તેમજ સુધારો કરવાની કામગીરી આધારકાર્ડમાં સુધારો વધારો નવા કાઢવા, માઁ અમૃતમ યોજના તથા વાત્સલ્ય કાર્ડમાં લાભાર્થીઓની નોંધણી અને કાર્ડ ઈસ્યુ બાબત, વિધવા સહાય અને વૃધ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ, રહેવાસીનો દાખલો, લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર જન્મ મરણના દાખલા, પ્રધાનમંત્રી આવાસ યોજના બેંકના ખાતા ખોલવા, પ્રધાનમંત્રી જનધન યોજનાના ખાતા ખોલવા, સીટી સર્વે વિભાગને લગતી અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને લગતી વ્યકિતગત સહાયતાની રજુઆત અરજી રાજય સરકારના કૃષિ, પશુપાલન, સહકાર, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણ, આદિજાતિ વિભાગની સ્કીમો હેઠળના, વ્યકિતલક્ષી લાભો માટેની અરજીઓ, વિકલાંગ ફ્રી પાસ, કન્યા ફ્રી પાસ ઝુંપડપટ્ટીમાં વીજ કનેકશન, સહિતની કામગીરીની માહિતી અરજદારોને માહિતગાર કરવામાં આવેલ અને કામગીરી કરી આપવામાં આવેલ હતી.

---

## સ્પર્ધાત્મક યુગમાં દાયકાઓ જુની પધ્ધતિથી કામગીરી થતાં

# રાજુલા : પોસ્ટ ઓફિસની કામગીરીથી જનતાજનાર્દનમાં નારાજગીનો માહોલ

### જાગૃત નાગરિકે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૫

રાજુલાના જાગૃત નાગરિક કનુભાઈ દુધરેજીયાએ પત્રમાં જણાવેલ છે કે, હાલમાં ગુજરાત પોસ્ટ ઓફિસની કામગીરી ઠપ્પ થતી જાય છે. જનતાને પુરો અંસનોટક રહે છે. જેનાં કારણો (૧) ખાનગી આંગડીયા ભારતનાં કોઈ ખુણામાં મોડામાં મોડા અઠવાડીયામાં પાર્સલ, ટપાલ કે અન્ય સામાન પહોંચતો કરે છે.

જયારે પોષ્ટ ઓફિસમાં કંઈ નકકી નથી સમયનું એમાં ટીકીટ લગાડીને પાર્સલ, પુસ્તકો કે અન્ય સામાન મોકલો તો તો કાઈ નકકી જ નહિ વળી પાછા સ્ટેમ્પ લગાડેલ પાર્સલ બાબતે પુછતાછ કરવાની નહિ એમાં સાદા બુક પોસ્ટ તો પચાસ સાઈઠ કી.મી. મોકલો તો પણ દોઢ મહિને પહોંચતા નથી. નહિતર સ્ટેમ્પ ટીકીટ સરકારનું એક પ્રકારનું પ્રોમેસરી નોટ ચલણ કહેવાય, સ્ટેમ્પની કિંમત લેવાય છે. છતાં જેની ઉપર ટીકીટ લાગડી મોકલો તેની પુછતાછ નહિ કરવાની આ બંધારણની કઈ કલમમાં લખેલ છે.

વધુમાં જણાવેલ છે કે બીજુ મોટી ઉમરના રીટાર્યડ થવાની તૈયારીમાં હોય એવા નોકરીયાતોને કેમ્પ્યુટરમાં એન્ટ્રી, ડેટા, રજીસ્ટર્ડ નોંધ વિગેરે કાર્ય સોંપે છે. હવે એનો વિષય નથી. એટલે કોમ્પ્યુટરમાં મથે છે. ઉમરના કારણે યાદ શકતી ઓછી વિષય નથી. એટલે કોમ્પ્યુટરમાં મથે છે. ઉમરના કારણે યાદ શકતી ઓછી થઈ ગઈ હોય જેનાં કારણે બે મીનીટનાં કામમાં ગ્રાહકનો દસ મીનીટથી વધુ સમય બગડે છે.

એક તો ટપાલ વિતરણમાં પુરતા પોસટમેન ન હોય, સ્ટાફ ઘર હોય તો ઘણા તકવાદી એમાં અમુક મહિલા બહેનો પોસ્ટમેનનું પદ ધરાવતી હોય તો એ આંગડીયાવાળાને અમુક રકમ આપી પોતે ન જતા મહેનતાણું આપી મોકલતા હોય છે. તો આવા કારણોથી ટપાલો મોડી મળતી હોય તો આવા નોકરીયાતો ને નોકરીમાંથી છુટા કરી દંડ કરવો જોઈએ.

સરકારે ઉદાર ભાવે જનતાને લાભ મળે એવી ઘણી યોજનાઓ બહાર પાડી છે. જેવી કે બચત, પાસપોર્ટ, વિધવા સહાય, વિગેરે તો ત્યાં પણ યોગ્ય જવાબ કે કામગીરી કરતા નથી.

એક વાતએ પણ ખરી કે બધા નોકરીયાતો કામચોર હોય એવું પણ ન હોય, પરંતુ દુધપાકમાં બે ટીપા દહિ પડે તો બધો દુધપાક ખરાબ થઈ જાય એમ આવા પોતાનાં વતનમાં નોકરી કરતા હોય લાગવગ ધરાવતા હોય તો બીજાને વેઠવું પડે.

તો આવા અનેક કારણો છે. પોસ્ટ ટીકીટ લગાડેલ બુક પોસ્ટ પાર્સલ કે ટપાલો નિયમિત મળે રાહત થાય તેવી કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

---

# લીલીયામોટા ખાતે ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી



લીલીયા મોટા, તા. ૨૫

તા.૨૫/૯/૨૦૨૪ના દિવસે સમગ્ર વિ ફાર્માસિસ્ટ દિવસ ઉજવી રહ્યું છે. ફાર્માસિસ્ટ એ આરોગ્ય વિભાગની સેવામાં જોડાયેલ પડદા પાછળનો સાચો હીરો છે બીમાર પડીએ ત્યારે દવાખાને જવું પડે છે તેવું લોકો કહેતા હોઈ છે ત્યારે આ દવાખાનું શબ્દમાં સંકળાયેલ દવા શબ્દ જ ફાર્માસિસ્ટની ઓળખાણ આપે છે દવા ના સંશોધનથી શરૂ કરીને બનાવવાથી લઈ લોકોને આપવા સુધીની જવાબદારી બનતી હોય છે ફાર્માસિસ્ટ દિવસે લોકોના સારા સ્વાસ્થ માટે કામગીરી કરનાર પડદા પાછળના હીરો લીલીયા સિવિલ હોસ્પિટલ માં ફાર્માસિસ્ટ તરીકે ફરઝ બજાવતા અમિતભાઈ સિ.ટાંક અભિનંદનને પાત્ર છે અને તેવો દ્વારા ફાર્માસિસ્ટ દિવસના રોજ લીલીયા C.H.Cમાં દર્દી ઓને બિસ્કિટ ફળ નાસ્તાનું ગરીબ દર્દીઓને વિતરણ કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

# સાવરકુંડલાનાં બસ સ્ટેશન ખાતે વોલ પેઈન્ટિંગનું આયોજન થયું











'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત તા. ૧૭/૯/૨૪ થી ૨/૧૦/૨૪ સુધી પખવાડિક ઉજવણીનાં ભાગરૂપે આજરોજ તા. ૨૫/૯/૨૪ બુધવારે શ્રી વી.ડી. કાણકિયા આટર્સ અને શ્રી એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા એનએસએસ વિભાગ અને ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ સાવરકુંડલાનાં સંયોજનથી એનએસએસ સ્વયંસેવકો દ્વારા ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ સાવરકુંડલામાં વોલ પેઈન્ટિંગ કરવામાં આવ્યું હતું. 'સ્વચ્છતા' વિષય ઉપર ૧૪ જેટલાં વિદ્યાર્થીઓએ જુદા જુદા ચિત્રો બનાવ્યા હતા. આ વોલ પેઈન્ટિંગ માટે પ્રોત્સાહિત કરવા વાહન વ્યવહાર નિગમ અધિકારી, ડેપો મેનેજર વી.એચ. નથવાણી, સ્ટેન્ડ ઈન્ચાર્જ પુનિત જોષી, જે.એ. ટ્રાફિક હર્ષદ ભટ્ટ, સિકયુરિટી ઈન્ચાર્જ વિશ્વાસ દવે અને પંકજ મારૂ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિ. ડો. એસ.સી. રવિયા અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. આશિષ ચૌહાણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ફયુચર એન્ડ ઓપ્સનમાં રોકાણ કરનાર

# દેશનાં કરોડો નાગરિકોનાં અબજો રૂપિયા ૩ વર્ષથી શેરબજારમાં કેમ ધોવાઈ રહ્યા છે ?

### વર્ષ ૨૦૨૪માં શેરબજારનાં ફયુચર એન્ડ ઓપ્સનમાં ૧૦ લાખથી વધુ નાગરિકોનાં ૮૮૦૦ કરોડ ધોવાયા

### રોકાણકારોની મુડી ધોવાણમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાકે છે

### અબજો રૂપિયા કરોડો નાગરિકોનાં ધોવાઈ ગયા હોય જવાબદાર કોણ તેની સીબીઆઈ તપાસ કરે

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા હિરેન બેંકરે વેધક પ્રશ્ન ઉઠાવીને તપાસ માંગી

અમદામવાદ, તા.૨૫

શેરબજારમાં રોકાણકારોના નાણાં સહિતનું નિયમન કરતી સંસ્થા સેબી (સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા)ના ફયુચર એન્ડ ઓપ્સનમાં કરવામાં આવેલ ફેરફાર બાદ નાનાં રોકાણકારોના કરોડો રૂપિયા સતત ત્રણ વર્ષ ડૂબી જવા પાછળ જવાબદાર કોણ? તેની સીબીઆઈ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા હિરેન બેંકરએ જણાવ્યું હતું કે, પરિવારના બચત, મહેનતના રૂપિયા, નિવૃત્ત કર્મચારીનું ફંડ સહિતની પરસેવાની મૂડી શેરબજારના ફયુચર એન્ડ ઓપ્સનમાં રોકાણ કરતા લોકોના કરોડો રૂપિયા છેલ્લા ત્રણ વર્ષથી કેમ ધોવાઈ રહ્યા છે? જાણીતા રોકાણકાર વોરેન બફેટે એફ એન્ડ ઓને સામુહિક સંહારના હથિયાર ગણાવ્યા હતા જે વાત ભારતીય રોકાણકારોના સંદર્ભમાં સાચી સાબિત થઈ રહ્યાં છે. દેશમાં વર્ષ ૨૦૨૪માં શેરબજારના ફયુચર એન્ડ ઓપ્સનમાં સરેરાશ ૧.૨૦ લાખ પ્રતિ વ્યકિત નુકશાન જયારે ગુજરાતના ૧૦ લાખથી વધુ રોકાણકારોને સરેરાશ ૮૮૦૦૦ જેટલું નુકશાન થયું. વર્ષ ૨૦૨૪માં શેરબજારના ફયુચર એન્ડ ઓપ્સનમાં ગુજરાતના રોકાણકારોને ૮૮૦૦ કરોડ જેટલી માતબર રકમ ધોવાઈ ગયા. સેબીના પ્રોફિટ એન્ડ લોસ રીપોર્ટ અનુસાર ૧૦ રોકાણકારોમાંથી ૯ રોકાણકારો નુકશાની વેઠી રહ્યા છે. રોકાણકારોની મૂડી ધોવાણમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે જે ચિંતાનો વિષય છે.

| એફએન્ડઓ રોકાણકારમાં સૌથી વધુ નુકસાન કરતા રાજ્યો | રોકાણકારોની સંખ્યા | પ્રતિવ્યક્તિ સરેરાશ નુકશાનની રકમ |
|---|---|---|
| મહારાષ્ટ્ર | ૧૮.૮ લાખ | ૭૪૦૦૦ |
| ગુજરાત | ૧૦.૧ લાખ | ૮૮૦૦૦ |
| ઉત્તર પ્રદેશ | ૯.૩ લાખ | ૭૩૦૦૦ |
| રાજસ્થાન | ૫.૪ લાખ | ૮૩૦૦૦ |

કેન્દ્ર સરકારની દાનત રોકાણકારને થતા નુકસાનને રોકવા અંગે કોઈ નક્કર પગલા લેવાને બદલે કેમ કરીને પોતાની તિજોરી ભરવી તેમ એસટીટી 'સિકયુરિટી ટ્રાન્જેકશન ટેકસ'નો બજેટમાં વધારો કરી દીધો છે. ગુજરાતમાં ફયુચર એન્ડ ઓપ્સનમાં વર્ષ ૨૦૨૨ના તુલનામાં વર્ષ ૨૦૨૪ રોકાણકારોનો ૧૦૭ ટકાનો વધારો થયો છે. દેશમાં વર્ષ ૨૦૨૨માં ૫૧ લાખ રોકાણકારો હતા જે વર્ષ ૨૦૨૪માં ૯૬ લાખ થઈ ગયા એટલે કે બમણા જેટલો વધારો નોધાયો છે. વર્ષ ૨૦૨૪માં ફયુચર એન્ડ ઓપ્સનમાં દેશમાં ૪૨ લાખ અને ગુજરાતમાં ૩.૨૬ લાખ નવા ટ્રેડર્સ જોડાયા. દેશમાં વર્ષ ૨૦૨૩માં ૧.૪૩ સરેરાશ નુકશાન ૧.૨૦ લાખ પ્રતિ વ્યકિત અને વર્ષ ૨૦૨૨માં સરેરાશ નુકશાન ૧.૩૦ લાખ પ્રતિ વ્યકિત હતું. ગુજરાતના રોકાણકારોનું વર્ષ ૨૦૨૪માં ૯૨.૧ સરેરાશ ૪૬૦૦૦નું નુકશાન થયું છે. સેબી (સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ આફ ઈન્ડિયા) કયા પગલા લેવામાં આવ્યા છે? બે દાયકાથી ચાલતી વ્યવસ્થાને શું ચોક્કસ લોકોને ફયદો કરવા માટે બદલવામાં આવી? શું રોકાણકારો કયાં, કેટલું રોકાણ કરી રહ્યા છે તેનો ડેટા લીક થઈ રહ્યો છે જેથી ચોક્કસ લોકોને જ ફાયદો થાય?, ફયુચર એન્ડ ઓપ્સનમાં કરવામાં આવેલ ફેરફાર બાદ અધધ લોકોના કરોડો રૂપિયા સતત ત્રણ વર્ષ ડૂબી જવા પાછળ જવાબદાર કોણ ? આ સમગ્ર વિષયની સીબીઆઈ તપાસ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

### પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિએ

## સાવરકુંડલાનાં પંડિત દિનદયાલ ઉપવન(જનતા બાગ) ખાતે લેવાતી પ્રવેશ ફીને નાબુદ કરવી જરૂરી

### અમીર ગરીબ સૌ કોઈ લાભ લે તેવું આયોજન કરવું જોઈએ

સાવરકુંડલા, તા.૨૫

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે સાવરકુંડલા ખાતે આવેલ પંડિત દીનદયાળ ઉપવન (જનતા બાગ)નું સંચાલન કરતાં તંત્રે આ બાગમાં પ્રવેશ ફી નાબૂદ કરી નિશુલ્ક પ્રવેશ સંદર્ભે વિચારે તો ગરીબ અમીર અને મધ્યમ વર્ગના લોકો એક સાથે આ પંડિત દીનદયાળ ઉપવન (જનતા બાગ)નો હરવા ફરવા માટે કે માનસિક થાક દૂર કરવા માટે લાભ લઈ શકે. પંડિત દીનદયાળ ઉપવન અર્થાત્ જનતા બાગનું સંચાલન કરતાં તંત્રએ આજના દિવસ નિમિત્તે આ વિચારવા જેવું ખરૂં.. બગીચામાં પ્રવેશ નિશુલ્ક કરવાથી આ બગીચાનો લાભ કચડાયેલાં, દબાયેલા લોકો પણ લઈ શકે. અને પંડિત દીનદયાળ ઉપાપ્રયાયની વિચારધારા અંત્યોદયનો ઉદય સો ટકા સાર્થક થઈ શકે. તંત્ર ધારે તો આ કરી શકે તેમ છે જરૂર છે પ્રબળ રાજકીય ઈચ્છાશકિતની! આમ પણ વર્ષો પહેલાં કરવા માટે કયાં કોઈ શુલ્ક ચૂકવવું પડતું ?આમ તો સાવરકુંડલા શહેરમાં આવેલ આવા જાહેર સ્થળોએ નિશુલ્ક પ્રવેશ આપવામાં આવે તો ગરીબ વર્ગના લોકો પણ આ જનતા બાગમાં પ્રવેશ કરી શકે. બાગમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફીનો ઉપયોગ શું આર્થિક માપદંડ યોગ્ય કહેવાય ? સાવરકુંડલા શહેરમાં આવેલ પંડિત દીનદયાળ ઉપવન (જનતા બાગ) ખાતે પ્રવેશ ફી નાબૂદ કરવામાં આવે તો આ બાગનો સર્વે નાગરિકોને સરખા પ્રમાણમાં લાભ મળી શકે. આમ પણ સમરસતા અને સમાનતા એ આર્થિક માપદંડો પર નિર્ભર હોય શકે ખરી? જયાં અમીર અને ગરીબ જાહેર સેવાનો સમ્યક લાભ લઈ શકે અને આર્થિક દિવાલ નડતરરૂપ ન બને તો જ રામરાજયની પરિકલ્પનાં સિધ્ધ થાય. અને સ્વ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની વિચારધારાને મજબૂત પોષણ મળે.

### મોટરસાઇકલની નવી સિરીઝ માટે

## અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા.૨૫

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટર સાઈકલની નવી સિરીઝ GJ ૧૪ BH ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૩૦.૦૯.૨૦૨૪ સાંજે ૦૪ વાગ્યાથી તા.૦૬.૧૦.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા.૦૬.૧૦.૨૦૨૪થી તા.૦૮.૧૦.૨૦૨૪ સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા. ૦૮.૧૦.૨૦૨૪ના રોજ જાહેર થશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુટયુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી તાલુકામાં યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં કુલ ૨,૨૮૪ અરજીઓનો સ્થળ પર ૧૦૦ ટકા હકારાત્મક નિકાલ

અમરેલી, તા. ૨૫

રાજય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળ તાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે.

મહત્વનું છે કે, આગામી તા. ૩૧ ઓકટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષી સેવા સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે.

તાજેતરમાં જિલ્લાના અમરેલી તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ ૨૦૨૪ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. ડાયાબિટીઝ અને બ્લડ પ્રેશર ચકાસણી થયા બાદ ૬૬ આરોગ્ય કલ્યાણ કાર્ડ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. ડીવર્મીંગની ૧૮૬૬ અરજીઓ બાબતે ૧૦૦ ટકા અરજીઓનું નિવારણ લાવવામાં આવ્યું હતું. ૫૫ પશુઓને ગાયનોકોલોજીકલ સારવાર સહિતની કામગીરી કરવામાં આવી. ૫૭ લાભાર્થીઓને આવકના દાખલા, ૩૦ આધાર કાર્ડ સુધારા બાબતની અરજી, ૧૮ અરજીકર્તા લાભાર્થીઓને રાશન કાર્ડ નામ દાખલ અને કમી કરવા, ૧૧ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાં લાભાર્થી ઈ-કેવાયસી સહિતની કામગીરી કરવામાં આવી હતી. ઉપરોકત તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત - ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે રૂ. ૧.૨૦ લાખ સુધીની સહાય

અમરેલી, તા. ૨૫


રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરૂરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરૂરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શકિત નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે.

પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે યોજના અન્વયેની જરૂરી વિગતો મુજબ, સખીમંડળો અથવા ખેડૂત ગ્રુપને ૫૦ ટકા સુધીની સહાય રૂ. ૬૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે. જેમાં જીવામૃત બનાવવા માટે HDPE ટાંકી ૫,૦૦૦ લિટરની ક્ષમતાની બનાવવાની રહેશે. ઘન જીવામૃત બનાવવા માટે પાકું મજબૂત ૨૦૦ ચોરસ ફુટનું ભોંયતળિયું બનાવવાનું રહેશે. ઉપરાંત પ્લાસ્ટિકના ૨૦ લીટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળખાકીય સુવિધાઓને સાંકળી લેવાની રહેશે.

ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓએ પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે ૧૦,૦૦૦ લિટરની ક્ષમતાવાળી ટાંકી, ૪૦૦ ચોરસ ફૂટનું પાંકુ ભોંયતળિયું વગેરે માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું. આ માટે ૫૦ ટકા અથવા રૂ. ૧.૨૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે. વધુ જાણકારી માટે પ્રોજેકટ ડાયરેકટર, આત્મા પ્રોજેકટની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજયના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.




બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦















### જમ્મુ-કાશ્મીરમાં રેલીને રાહુલ ગાંધીએ સંબોધિત કરી

# અમારી સરકાર આવશે તો કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપીશું: રાહુલ ગાંધી

## તમારી સાથે અન્યાય થયો છે, તમારી લોકશાહી છીનવી લેવામાં આવી છે, આ રાજ્ય સ્થાનિક લોકોથી નહીં, પરંતુ બહારના લોકો ચલાવી રહ્યા છે : રાહુલ

જમ્મુ, તા.૨૫

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કામાં પ્રચાર માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી જમ્મુ પહોંચ્યા છે. જ્યાં તેમણે કેન્દ્ર સરકાર પર રોજગાર સહિત અનેક મુદ્દાઓના આક્ષેપો કર્યા હતા.

રેલીને સંબોધિત કરતાં કહ્યું હતું કે, 'તમારી સાથે અન્યાય થયો છે, તમારી લોકશાહી છીનવી લેવામાં આવી છે. આ રાજ્ય સ્થાનિક લોકોથી નહીં, પરંતુ બહારના લોકો ચલાવી રહ્યા છે. રાજ્યનો અધિકાર છીનવી લઈ તેને કેન્દ્રશાસિત બનાવી દેવામાં આવ્યો છે.'

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, 'ભાજપે તમને રાજ્યનો દરજ્જો આપ્યો નથી, તો અમે તમને રાજ્યનો દરજ્જો આપવા માટે તનતોડ મહેનત કરીશું. કારણકે, તે તમારો હક છે. તેના વિના તમે જમ્મુ-કાશ્મીરનું સપનું જોઈ શકશો નહીં, યુવાનોને રોજગારી મળશે નહીં. જ્યાં સુધી અહીં લેફ્ટનન્ટ ગવર્નર છે, ત્યાં સુધી બધું કામ બહારના લોકોને મળશે અને તે લોકો ઈચ્છે છે કે, જમ્મુમાં સ્થાનિક લોકોનું નહીં પરંતુ બહારના લોકોનું ચાલે.'

કાશ્મીરમાં વેપાર-ધંધાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, 'જમ્મુ અહીંનું સેન્ટ્રલ હબ છે જે કાશ્મીરના બિઝનેસ અને ઉત્પાદનને સમગ્ર દેશ સાથે જોડે છે. પરંતુ ભાજપ સરકારે આ સેન્ટ્રલ હબની ભૂમિકા નષ્ટ કરી દીધી છે. અહીંના એમએસએમઈ અને આંત્રપ્રિન્યોરને પાંગળા કરી દીધા છે. જ્યાં સુધી જમ્મુ-કાશ્મીરના એમએસએમઈ આત્મનિર્ભર નહીં બને ત્યાં સુધી અહીં રોજગાર સર્જન થશે નહીં. અમારી સરકાર બનશે, તો નાના ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપીશું.'

રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે વિચાર્યું હતું કે ચૂંટણી પહેલા તમને તમારો રાજ્યનો દરજ્જો પાછો મળી જશે. તે સાચો રસ્તો હતો, પરંતુ હવે અમે ઈચ્છીએ છીએ કે તમને તમારા લોકતાંત્રિક અધિકારો વહેલામાં વહેલી તકે મળે. ભારતના ઈતિહાસમાં આવું પહેલાં ક્યારેય બન્યું નથી. આ કોઈની સાથે ન થવું જોઈએ, જમ્મુ અને કાશ્મીરમાં અમારી સરકાર બનશે કે તરત જ અમે તમને રાજ્યનો દરજ્જો આપીશું. GST એ એક હથિયાર છે જેના વડે જમ્મુ અને કાશ્મીરના નાના અને મધ્યમ ઉદ્યોગો પર હુમલો કરવામાં આવ્યો હતો. સત્ય એ છે કે નોટબંધી અને ખોટા જીએસટીએ ભારતમાં લાખો બિઝનેસને બરબાદ કરી દીધા હતા.'

### તહેવારોની ચમકે સોનાને ચમકાવ્યું

# સોનું ૭૬ હજારને થયું પાર, ચાંદી થઈ ૯૦ હજારને પાર

## ભારતમાં સોનાની કિંમત ૭૬,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ : ચાંદીનો ભાવ કિલોદીઠ રૂ.૯૨,૮૦૦ પર

નવી દિલ્હી,તા.૨૫

હવે લગ્નસરા અને નવરાત્રી તેમજ દિવાળીના દિવસો નજીક આવી રહ્યા છે. આ દરમિયાન લોકો સોના ચાંદીની ખરીદી કરતાં હોય છે પરંતુ સોનાના ભાવમાં પાછી ઉથલપાથલ જોવા મળી રહી છે. વાત કરીએ તો હાલ સોનાના ભાવમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. સોનાના ભાવમાં વધારા પાછળ ઘણા કારણો છે જેમાં વૈશ્વિક આર્થિક સ્થિતિ, યુએસ ફેડ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો અને સમગ્ર વિશ્વમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ છે. સોનાની કિંમત આજે એટલે કે ૨૫ સપ્ટેમ્બર તેની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગઈ છે. ૨૫ સપ્ટેમ્બરે ભારતમાં સોનાની કિંમત ૭૬,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ હતી. બીજી તરફ ચાંદીનો ભાવ કિલોદીઠ રૂ.૯૨,૮૦૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સોના અને ચાંદીના ભાવ દિવસેને દિવસે બદલાતા રહે છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ ૭૬,૫૦૦ રૂપિયાના સ્તરને પાર કરી ગયો છે. દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, લખનૌ, જયપુર, મુંબઈ, કોલકાતા જેવા સ્થળોએ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૦૦૦ રૂપિયાની ઉપર ટ્રેડ થઈ રહી છે. અને ૨૪ કેરેટ સોનાની કિંમત ૪૯૬ રૂપિયા મોંઘી થઈ છે અને ૭૫૨૬૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા ભાવની અસર સ્થાનિક બજારમાં પણ જોવા મળી રહી છે. ચાંદીનો ભાવ રૂ.૯૨,૯૦૦ પર ટ્રેડ થઈ રહ્યો છે. સોના અને ચાંદીના આ દર IBJA દ્વારા જારી કરવામાં આવ્યા છે. આના પર કોઈ GST અને જ્વેલરી મેકિંગ ચાર્જ નથી. બુધવારે શરૂઆતના કારોબારમાં, ૧૦ ગ્રામ સોનું (આજનો ગોલ્ડ રેટ) ૦.૨૦% વધીને રૂ. ૭૫,૧૫૦ થયો હતો. સ્ઝઠ પર સોનું પહેલીવાર રૂ. ૭૫,૦૦૦ને પાર કરી ગયું છે. માત્ર સપ્ટેમ્બર મહિનામાં જ સોનાના ભાવમાં ૪.૭૪ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, ચાંદીની કિંમત ૦.૧૮% ઘટીને ૯૨,૨૩૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં, સ્પોટ ગોલ્ડના ભાવ ૦.૩% વધીને $2,665 પ્રતિ ઔંસની ઉપર પહોંચી ગયા હતા, જે અગાઉના સત્રમાં ઈ૨,૬૩૦.૯૩ પ્રતિ ઔંસની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચ્યા હતા.દિલ્હીમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૭૫૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૧૭૦ રૂપિયા છે. મુંબઈમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે. કોલકાતામાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે. ચેન્નાઈમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે. અમદાવાદમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૭૦,૬૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૦૨૦ રૂપિયા છે.

તહેવારો પહેલા સોના અને ચાંદીના ભાવમાં જબરદસ્ત વધારો જોવા મળી રહ્યો છે. સોનું નવા રેકોર્ડને સ્પર્શીને ઈતિહાસ રચી રહ્યું છે. આગામી દિવસોમાં સોના અને ચાંદીમાં વધારો જોવા મળી શકે છે. આ વર્ષે સોનું ૭૮ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે. જ્યારે ચાંદી પણ ૧ લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

### વિનેશ ફોગાટનો ચોંકાવનારો ખુલાસો

# PM મોદીએ ફોન પણ ન કર્યો અને પીટી ઉષા પણ ખોટું બોલ્યા

## પીટી ઉષા પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, તેઓ પોતાની જવાબદારી ભૂલી ભાજપને બચાવવામાં લાગી ગયા છે

ચંદીગઢ, તા.૨૫

કુશ્તીબાજ ખેલાડીમાંથી રાજકારણમાં ઝંપલાવનારા વિનેશ ફોગાટ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યાં છે. આ દરમિયાન તેમણે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તાજેતરમાં તેમણે એક મીડિયા એજન્સીને જણાવ્યું કે, 'ઓલિમ્પિકમાંથી ડિસ્ક્વોલિફાઇ થયા બાદ પીએમ મોદીએ તેમને ફોન કર્યો નહોતો અને પીટી ઉષા પણ ખોટું બોલ્યાં હતા.' વિનેશ ફોગાટના આ દાવા બાદ હરિયાણામાં ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

તાજેતરમાં મીડિયા સાથે વાતચીત કરતા વિનેશ ફોગાટે કહ્યું હતું કે, 'મેડલ આવે છે ત્યારે બધા ફોટા પડાવે છે. જ્યાં સુધી હું ફાઇનલમાં પહોંચી નહોતી, ત્યાં સુધી મને કોઇ ફોન આવ્યો નહોતો. જો તેમનામાં સાચે જ લાગણી હોત તો તેઓ સોશિયલ મીડિયામાં પ્રચાર કરવાને બદલે એક ફોન કરીને કહેતા કે, બેટા અમે તમારી સાથે છીએ તો એ મારા માટે ખૂબ મોટી વાત હોત.'

આ દરમિયાન પીટી ઉષા પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, 'અમે બાળપણથી તેમની વાર્તાઓ સાંભળતા આવ્યા છીએ, પરંતુ હવે તેઓ પણ પોતાની જવાબદારી ભૂલી ભાજપને બચાવવામાં લાગી ગયા છે. એક ખેલાડી તરીકે પીટી ઉષા કે મેરી કોમ તરફથી મને કોઇ સમર્થન મળ્યું નહોતું. જ્યારે હું હોસ્પિટલમાં બેડ પર હતી ત્યારે હું લગભગ બેભાન હતી. મને ગ્લૂકોઝ ચઢાવવામાં આવી રહ્યા હતા, જેથી હું ઝડપથી રિકવર થઇ શકું. એ સમયે પીટી ઉષા મારી મંજૂરી વગર ફોટા લઇ રહ્યાં હતા અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી કહી રહ્યાં હતા કે, બધું યોગ્ય છે, જ્યારે ત્યાં કંઇ પણ યોગ્ય નહોતું.' વિનેશ ફોગાટે કહ્યું કે, ઓલિમ્પિક બાદ મેં રાજકારણમાં પ્રવેશ કરવાનો નિર્ણય લીધો. હું જેટલા પણ લોકોથી મળી એ બધાની માંગ હતી કે અમારા બાળકો માટે તમારે રાજકારણમાં આવવું જ પડશે. લોકોએ કહ્યું કે જે તમારી સાથે થયું એ અમારા બાળકો સાથે ન થાય એ માટે તમારે આગળ આવવું જ પડશે.'

વધુમાં તેમણે કહ્યું કે, 'અમે રસ્તાઓ પર લડાઇ લડી, પરંતુ અમને દુર્વ્યવહાર અને અપમાન સિવાય કંઇ ના મળ્યું. હું ઓલિમ્પિકમાં પણ ગઇ, પરંતુ મને ક્યારેય ન્યાય ન મળ્યું. રાજકારણમાં પ્રવેશ કરવો એ મારા માટે વિકલ્પ નહીં પરંતુ જરૂરિયાત હતી. મેં પાર્ટી પાસે કોઇ પણ બેઠક પરથી ટિકિટ માંગી નહોતી, પરંતુ આ પાર્ટીનો નિર્ણય હતો. પાર્ટીને જ્યાંથી યોગ્ય લાગ્યું ત્યાંથી મને ટિકિટ આપી. એક મારી જન્મભૂમિ છે અને બીજી મારી કર્મભૂમિ છે. જુલાનાની સાથે સાતે અમે સમગ્ર હરિયાણા માટે કામ કરીશું. મેં અત્યાર સુધી દેશના લોકોને સ્પોર્ટ્સના માધ્યમથી પ્રેરિત કર્યા છે અને હવે રાજકારણના માધ્યમથી લોકોને પ્રેરિત કરીશ.'

### મને આશા છે તમે જવાબ આપશો

# કેજરીવાલે મોહન ભાગવતને પત્ર લખીને પૂછ્યા સવાલ

## કેજરીવાલે પત્રમાં કહ્યું છે કે તેમણે આ પત્ર કોઈ રાજકીય પક્ષના નેતા તરીકે નહીં પરંતુ સામાન્ય નાગરિક તરીકે લખ્યો છે

નવી દિલ્હી,તા.૨૫

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતને પત્ર લખ્યો છે. તેમણે પીએમ મોદીને તેમની નિવૃત્તિ સહિત ૫ મુદ્દાઓ પર જવાબ આપવાની અપીલ કરી છે. કેજરીવાલે પત્રમાં કહ્યું છે કે તેમણે આ પત્ર કોઈ રાજકીય પક્ષના નેતા તરીકે નહીં પરંતુ એક સામાન્ય નાગરિક તરીકે લખ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે ભાગવત જવાબ આપશે.

તેમણે કહ્યું કે તેઓ દેશની સ્થિતિથી ચિંતિત છે. કેજરીવાલે લખ્યું, 'ભાજપની કેન્દ્ર સરકાર દેશ અને દેશની રાજનીતિને જે દિશામાં લઈ જઈ રહી છે તે સમગ્ર દેશ માટે નુકસાનકારક છે. જો આવું ચાલતું રહેશે તો આપણી લોકશાહી ખતમ થઈ જશે, આપણો દેશ ખતમ થઈ જશે. પાર્ટીઓ આવશે અને જશે, ચૂંટણી આવશે અને જશે, નેતાઓ આવશે અને જશે, પરંતુ ભારત હંમેશા દેશ રહેશે. આપણા સૌની જવાબદારી છે કે આ દેશનો ત્રિરંગો હંમેશા ગર્વથી આકાશમાં લહેરાતો રહે.

કેજરીવાલે કહ્યું કે તેમનો હેતુ માત્ર ભારતીય લોકતંત્રને બચાવવા અને મજબૂત કરવાનો છે. તેમણે કહ્યું કે તેઓ જે પ્રશ્નો પૂછી રહ્યા છે તે લોકોના મનમાં છે. કેજરીવાલે આરોપ લગાવ્યો કે ઈડી-સીબીઆઈની લાલચ અને ધમકીથી અન્ય પક્ષોના નેતાઓને પરાજિત કરવામાં આવી રહ્યા છે અને સરકારો પડી રહી છે. અપ્રમાણિકતા દ્વારા સત્તા મેળવવી એ તમને કે આરએસએસને સ્વીકાર્ય છે? બીજા સવાલમાં કેજરીવાલે કહ્યું કે જે નેતાઓને વડાપ્રધાન અને અમિત શાહ પોતે ભ્રષ્ટ કહેતા હતા, તેઓને થોડા દિવસો પછી ભાજપમાં સામેલ કરવામાં આવ્યા હતા. શું તમે કે આરએસએસના કાર્યકરોએ આવી ભાજપની કલ્પના કરી હતી? શું તમને આ બધું જોઈને દુઃખ નથી થતું? ત્રીજા સવાલમાં કેજરીવાલે ભાગવતને પૂછ્યું છે કે શું તેમણે ક્યારેય વડાપ્રધાનને આ બધું કરતા રોક્યા છે. કેજરીવાલે લખ્યું છે કે જો ભાજપ ભ્રમિત થાય તો તેને સાચા રસ્તે લાવવાની જવાબદારી આરએસએસની છે.

કેજરીવાલે ચોથા પ્રશ્નમાં કહ્યું કે લોકસભા ચૂંટણી દરમિયાન જેપી નડ્ડાજીએ કહ્યું હતું કે ભાજપને હવે આરએસએસની જરૂર નથી. મને ખબર પડી કે નડ્ડા જીના આ નિવેદનથી દરેક ઈજીજી કાર્યકર્તાને દુઃખ થયું છે. દેશ જાણવા માંગે છે કે તેમના નિવેદનથી તમારા દિલને શું થયું? કેજરીવાલે છેલ્લા સવાલમાં પીએમ મોદીની નિવૃત્તિનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ૭૫ વર્ષની વયે નિવૃત્તિનો કાયદો બનાવીને અડવાણીજી, મુરલી મનોહર જોશી જેવા શક્તિશાળી નેતાઓને નિવૃત્ત કરવામાં આવ્યા હતા. અમિત શાહ જી કહે છે કે આ કાયદો મોદીજી પર લાગુ નહીં થાય. શું તમે આ સાથે સહમત છો? શું કાયદા બધા માટે સરખા ન હોવા જોઈએ? કેજરીવાલે કહ્યું, 'આ પ્રશ્નો દરેક ભારતીયના મનમાં ઉઠી રહ્યા છે. મને આશા છે કે તમે આ પ્રશ્નો પર વિચાર કરશો અને લોકોને આ પ્રશ્નોના જવાબો આપશો.

### જાણો સમગ્ર મામલો

# તમિલનાડુમાં રાહુલ ગાંધી વિરુદ્ધ ૩૦ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

## ભાજપના નેતાએ રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ આપી અને તેમની સામે રાષ્ટ્ર વિરોધી કલમો હેઠળ કેસ નોંધવાની માંગ કરી

ચેન્નાઈ, તા.૨૫

તાજેતરમાં અમેરિકાની મુલાકાતે ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ SC-ST, OBC અનામત સહિત અનેક મુદ્દાઓ પર વાત કરી હતી. આ સાથે તેમણે અનેક મુદ્દાઓ માટે કેન્દ્રની સત્તાધારી પાર્ટી ભાજપને જવાબદાર ઠેરવી હતી. હવે રાહુલ ગાંધીના નિવેદનો અંગે તમિલનાડુના ૩૦ પોલીસ સ્ટેશનોમાં ફરિયાદો દાખલ કરવામાં આવી છે.

તમિલનાડુના ચેન્નાઈમાં ભાજપના એક નેતાએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ અલગ-અલગ જિલ્લાના ૩૦ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ ભાજપના નેતા ડૉ. વેંકટેશ મૌર્યએ રાહુલના તેમના અમેરિકન પ્રવાસ દરમિયાન અનામતને લઈને આપેલા નિવેદન સામે નોંધાવી છે. જેમાં તેમણે કથિત રીતે કહ્યું હતું કે, એસસી-એસટી અને ઓબીસી અનામતને નાબૂદ કરશે.

અહેવાલ મુજબ, બીજેપી નેતા વેંકટેશ મૌર્યએ કહ્યું કે વિપક્ષના નેતા અને સાંસદ તરીકે રાહુલ ગાંધીએ દેશની બહાર આવી વાત ન કરવી જોઈએ. તે દેશની અંદર કંઈ પણ કહી શકે છે. વિદેશમાં તેમણે ભારત સરકાર, SC-ST અને OBCને લઈને ખોટો પ્રચાર કર્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, અમે રાહુલ ગાંધી વિરુદ્ધ પોલીસને ફરિયાદ આપી છે અને તેમની સામે રાષ્ટ્ર વિરોધી કલમો હેઠળ કેસ નોંધવાની માંગ કરી છે. જરૂર પડે તો તેમની ધરપકડ પણ કરવી જોઈએ. અમે લોકસભાના સ્પીકર સમક્ષ પણ માંગ કરીએ છીએ કે, તેમનું સંસદ સભ્યપદ રદ કરવામાં આવે. અમે ૩૦ સપ્ટેમ્બરે ચેન્નાઈમાં રાહુલ ગાંધી સામે વિરોધ પ્રદર્શન પણ કરીશું. તેમણે પોતાના નિવેદનો બદલ માફી માંગવી જોઈએ.અમેરિકાના પ્રવાસ દરમિયાન અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લેતા રાહુલ ગાંધીએ અનામતની સાથે-સાથે દેશમાં બેરોજગારી, ચીન અને શીખોને લઈને પણ વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા. વોશિંગ્ટન ડીસીમાં જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું હતું કે, ભારતમાં કૌશલ્યોની કોઈ કમી નથી પરંતુ કુશળ લોકોનું સન્માન કરવામાં આવતું નથી.

જ્યારે કોંગ્રેસ નેતાને અનામત વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ ત્યારે જ તેને ખતમ કરવાનું વિચારશે જ્યારે દેશમાં દરેકને સમાન તક મળવા લાગશે, પરંતુ હાલમાં ભારતમાં આવી સ્થિતિ નથી. આ સિવાય તેમણે અનામતના મુદ્દે ભારતની વર્તમાન સરકાર પર પ્રહારો કર્યા હતા અને તેની નીતિઓની પણ આકરી ટીકા કરી હતી.ભાજપે પણ અમેરિકામાં રાહુલ ગાંધીના નિવેદનનો જોરદાર વિરોધ કર્યો હતો. ભાજપના નેતાઓએ કહ્યું હતું કે રાહુલ હવે માત્ર નેતા અને સાંસદ નથી, તેઓ વિપક્ષના નેતા છે, તેથી તેમણે તેમની ગરિમાનું ધ્યાન રાખવું જોઈએ. આવા નિવેદનો કરવાથી વિદેશમાં ભારતની છબી પર નકારાત્મક અસર પડી શકે છે.

### શેરબજાર રેકોર્ડ હાઈ લેવલ પર બંધ

# સેન્સેક્સ ૨૬૮ પોઈન્ટ ઉછળ્યો તો નિફ્ટી ૨૬,૦૦૦ને પાર

## કારોબારમાં બેન્કિંગ, ફાર્મા, મેટલ્સ, રિયલ એસ્ટેટ, મીડિયા, એનર્જી અને ઈન્ફ્રા સેક્ટરના શેરમાં ખરીદારી જોવા મળી

મુંબઈ, તા.૨૫

ભારતીય શેરબજારમાં ધૂમ તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ અને નિફ્ટી તેના તમામ રેકોર્ડ તોડીને ઐતિસાહિક સપાટીએ પહોંચી રહ્યા છે. જેના કારણે રોકાણકારોને જલસા પડી ગયા છે. સેન્સેક્સ અને નિફ્ટી ફરીથી નવી ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયા છે. બુધવારના ટ્રેડિંગ સેશનમાં મ્જીઈ સેન્સેક્સ ૮૫,૨૪૭.૪૨ની નવી ઊંચી સપાટીએ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૬૦૩૨.૮૦પોઈન્ટની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૨૫૬ પોઈન્ટના ઉછાળા સાથે ૮૫,૧૭૦ પર અને નિફ્ટી ૬૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૬૦૦૪ ઉપર બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં બેન્કિંગ, ફાર્મા, મેટલ્સ, રિયલ એસ્ટેટ, મીડિયા, એનર્જી અને ઈન્ફ્રા સેક્ટરના શેરમાં ખરીદારી જોવા મળી હતી. જ્યારે ઓટો, આઈટી, એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર સેક્ટરના શેર ઘટીને બંધ થયા હતા. આજના કારોબારમાં પણ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં કોઈ ગતિ જોવા મળી નથી અને નિફ્ટી મિડકેપ અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ નીચે બંધ થયા છે. ઈન્ડિયા વિક્સ ૮.૨૨ ટકાના ઘટાડા સાથે ૧૨.૨૮ પર બંધ રહ્યો હતો.

બુધવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉતાર-ચઢાવ સાથે કારોબાર જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં ટ્રેડિંગની શરૂઆત લાલ નિશાન પર થઈ પરંતુ ટૂંક સમયમાં જ તેઓ લીલા નિશાન પર પાછા ફર્યા. જોકે, ઉપલા સ્તરે બજારમાં ફરી વેચવાલી ફરી હતી. તે પછી મોટાભાગે બજાર લાલ નિશાનમાં જ ટ્રેડ થતું જોવા મળ્યું હતું. છેલ્લા સત્ર પહેલાં બેન્ચમાર્ક સૂચકાંકોમાં મોટો ઉછાળો આવ્યો હતો અને સેન્સેક્સ-નિફ્ટી નવી ઊંચાઈએ બંધ થવામાં સફળ થયા હતા. સેન્સેક્સ અને નિફ્ટી મજબૂત ઉછાળા સાથે બંધ થવા છતાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ઘટાડાને કારણે શેરબજારના માર્કેટ કેપમાં ઘટાડો જોવા મળ્યો છે. મ્જીઈ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૭૫.૨૪ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું, જે અગાઉના સત્રમાં રૂ. ૪૭૬.૦૭ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. એટલે કે આજના સત્રમાં માર્કેટ કેપમાં રૂ. ૮૧૦૦૦ કરોડનો ઘટાડો થયો છે.

આજના ટ્રેડિંગમાં પાવર ગ્રીડ ૩.૯૧ ટકા, એક્સિસ બેંક ૨.૧૮ ટકા, NTPC ૧.૯૪ ટકા, બજાજ ફિનસર્વ ૧.૧૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૧ ટકા, ટાટા સ્ટીલ ૦.૬૫ ટકા, HDFC બેંક ૦.૫૯ ટકાના વધારા સાથે બંધ થયા હતા. જ્યારે ઘટતા શેરોમાં ટેક મહિન્દ્રા ૨.૨૧ ટકા, ટાટા મોટર્સ ૧.૩૯ ટકા, ટાઈટન ૦.૯૩ ટકા, કોટક મહિન્દ્રા બેંક ૦.૯૨ ટકા, SBI ૦.૬૮ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૪૩ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.

### ભારતની પ્રથમ દિવ્યાંગ અનુકૂળ ભરતી વેબસાઇટ

# રેલવે ભરતીમાં દિવ્યાંગો સરળતાથી અરજી કરી શકે તે માટે શરૂ થઈ વ્યવસ્થા

## રેલવે મંત્રાલયે ૨૪ સપ્ટેમ્બરને મંગળવારે દિવ્યાંગોને સુગમ્ય ભરતી વેબસાઇટ www.rrbapply.gov.in શરૂ કરી

નવી દિલ્હી,તા.૨૫

દિવ્યાંગ વ્યક્તિઓ માટે સંપૂર્ણ સુલભતા માટે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણથી પ્રેરિત થઈને અને માનનીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા આપવામાં આવેલા મિશન "અંત્યોદય"ને સાકાર કરવાની દિશા તરફ એક પગલું ભરતાં રેલવે મંત્રાલયે ૨૪ સપ્ટેમ્બરને મંગળવારે દિવ્યાંગોને સુગમ્ય ભરતી વેબસાઈટ www. rrbapply. gov.in શરૂ કરી, જેનાથી દિવ્યાંગ વ્યક્તિઓને કોઈપણ સહાય વિના રેલવેની ખાલી જગ્યાઓ માટે તેમની નોકરીની અરજીઓ ઑનલાઈન સબમિટ કરી શકશે.

આ વેબસાઈટ આંતરરાષ્ટ્રીય સુલભતા ધોરણો સાથે સંપૂર્ણ રીતે અનુરૂપ છે અને દિવ્યાંગ વ્યક્તિઓને સશક્ત બનાવવા પ્રતિ રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ વેબસાઈટનો શુભારંભ મંગળવારે મુંબઈમાં ભારતભરના તમામ રેલવે ભરતી બોર્ડના અધ્યક્ષોની સમીક્ષા બેઠક દરમિયાન રેલવે મંત્રાલયના એડિશનલ મેમ્બર (સ્ટાફ) શ્રીમતિ પ્રમીલા એચ. ભાર્ગવ દ્વારા કરવામાં આવ્યો હતો

# હું ભૂલી ગઈ હતી કે હવે હું એક પાર્ટીનું કાર્યકર્તા પણ છું : કંગના

નવી દિલ્હી, તા.૨૫

ભારતીય જનતા પાર્ટીની સાંસદ અને ફિલ્મ અભિનેત્રી કંગના રનૌતે રદ કરેલા કૃષિ કાયદાઓને લઈને નિવેદન આપ્યું હતું, જેમાં તેણે કહ્યું હતું કે રદ કરેલા કૃષિ કાયદાઓને પરત લાવવામાં આવે. જોકે, હવે કંગનાએ પોતાના આપેલા નિવેદનને લઈને માફી માંગી અને કહ્યું કે, "હું મારા શબ્દો પરત ખેંચુ છું." સાથે જ તેણે આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પર માફી પણ માંગી છે.

કંગનાએ પોતાનું આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે તેના કૃષિ કાયદા પરત લાવવા વાળા નિવેદનને લઈને વિપક્ષ દ્વારા ભાજપ પર પ્રહાર કરવામાં આવી રહ્યા હતા. એક તરફ હરિયાણા વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે, બીજી કંગનાએ આપેલા નિવેદનને લઈને ભાજપે પણ તેનાથી દૂરી બનાવી લીધી હતી. ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે, "કંગનાને કૃષિ કાયદાઓ પર બોલવાનો કોઈ હક નથી."

સોશિયલ મીડિયા પર કંગનાએ જે વીડિયો પોસ્ટ કર્યો છે તેમાં તેણે કહ્યું કે, "ગત દિવસોમાં મીડિયા દ્વારા મને કૃષિ કાયદાને લઈને સવાલ કરવામાં આવ્યા હતા. ત્યારે મેં કહ્યું હતું કે ખેડૂતો કૃષિ કાયદા પરત લાવવા માટે વડાપ્રધાનને આગ્રહ કરવો જોઈએ." સાથે જ વીડિયોમાં કંગનાએ એવું પણ કહ્યું કે, "મારી આ વાતથી ઘણા બધા લોકો નિરાશ છે." વધુમાં કંગનાએ એવું કહ્યું કે, "જ્યારે કૃષિ કાયદા સરકારે લાવ્યા ત્યારે ઘણા લોકોએ તેને સમર્થન આપ્યું હતું, પરંતુ આપણા વડાપ્રધાને ઘણી સંવેદનશીલતાથી તે કાયદાઓને પરત ખેંચ્યા હતા અને હવે દરેક કાર્યકર્તાઓનું કર્તવ્ય બને છે કે તેમના શબ્દોનું માન રાખીએ."

આપને જણાવી દઈએ કે ૨ દિવસ અગાઉ જ કંગનાએ હિમાચલ પ્રદેશમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતાં ૩ રદ કરેલા કૃષિ કાયદાઓને પરત લાગુ કરવા કહ્યું હતું. સાથે જ તેણે કહ્યું હતું કે, "ખેડૂતોએ પોતે જ આ કાયદા પરત લાવવા માંગ કરવી જોઈએ જેથી આપણા ખેડૂતોની સમૃદ્ધિમાં બ્રેક ન લાગે."

ઉપરાંત કંગનાએ એવું પણ કહ્યું હતું કે, "અમુક રાજ્યો દ્વારા આ કાયદાઓને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો, તે લોકોને હાથ જોડીને વિનંતી કરું છું કે કૃષિ કાયદાઓને પરત લાવવામાં આવે."

### વિટામિનની ગોળી ખાનારાઓ પણ સાવધાન

# પેરાસિટામોલ સહિતની ૫૩ દવા ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ

## CDSCO ના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પેરાસિટામોલ સહિત ૫૩ દવા ગુણવત્તા પરીક્ષણ પાસ કરવામાં નિષ્ફળ ગઈ છે

નવી દિલ્હી, તા.૨૫

જો તમે પણ પેરાસિટામોલ કે વિટામિનની દવાનો ઉપયોગ કરતા હોવ તો સતર્ક થઈ જજો. કેન્દ્રીય ઔષધી ધોરણ નિયંત્રણ સંગઠન (CDSCO) ના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પેરાસિટામોલ સહિત ૫૩ દવાઓ ગુણવત્તા પરીક્ષણ પાસ કરવામાં નિષ્ફળ થઈ ગઈ છે. જેમાં કેલ્શિયમ, વિટામિન ડ્ઢ૩ની ગોળીઓ, ડાયાબિટીસની દવાઓ અને હાઈ બ્લડપ્રેશરની દવાઓ સહિત ૫૦ અન્ય દવાઓ સામેલ છે.

આ પરીક્ષણમાં તે મોટી કંપનીઓ દ્વારા બનાવાતી અનેક દવાઓ નિષ્ફળ ગઈ છે. જેમાં હેટેરો ડ્ર્ગસ, અલ્કેમ લેબોરેટરીઝ, હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ (એચએએલ) અને કર્ણાટક એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો સમાવેશ થાય છે. આ પરીક્ષણમાં પેટના ચેપમાં ઉપયોગમાં લેવાતી એચએલની દવા મેટ્રોનીડાઝોલ, અલ્કેમ હેલ્થ સાયન્સની એન્ટિબાયોટિક્સ ક્લેવમ ૬૨૫ અને પાન ડી પણ ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરતા નથી. આ ઉપરાંત બાળકોને આપવામાં આવતી સેપોડેમ એક્સપી ૫૦ ડ્રાઈ સસ્પેન્શનની ગુણવત્તા પણ નબળી હોવાનું સામે આવ્યું હતું.

રિપોર્ટમાં કર્ણાટકના એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સની પેરાસિટામોલ દવાની ગુણવત્તા સામે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પ્યોર એન્ડ ક્યોર હેલ્થકેર દ્વારા બનાવવામાં આવતી શેલ્કેલ પણ આ પરીક્ષણમાં ફેલ થઈ ગઈ છે. આ ઉપરાંત હાઈ બ્લડપ્રેશરના નિદાન માટે વપરાતી ટેલ્મિસર્ટન, વિટામિન B કોમ્પ્લેક્ષ અને વિટામિન C સોફ્ટજેલ, પેરાસિટામોલની દવા IP 500 MG, ડાયાબિટીસની દવા ગ્લિમેપિરાઈડ પણ આ ધોરણોને અનુરૂપ નથી છે. સીડીએસસીઓએ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ રહેલી દવાઓની બે યાદી બહાર પાડી છે. એક યાદીમાં ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગયેલી દવાઓના નામ છે, જ્યારે બીજી યાદીમાં તેનું ઉત્પાદન કરતી કંપનીઓના જવાબો છે. મોટાભાગની કંપનીઓએ તેમના પ્રતિભાવમાં કહ્યું કે જે દવાઓ પરીક્ષણમાં નિષ્ફળ ગઈ છે તે નકલી છે અને અસલ કંપનીઓ દ્વારા બનાવવામાં આવતી નથી. જો કે, કંપનીઓએ કહ્યું છે કે તેઓ તેમની બનાવેલી દવાઓની પુનઃ તપાસ કરશે. નોંધનીય છે કે, પાછલા મહિને (ઓગસ્ટ) આરોગ્ય મંત્રાલયે એક કરતાં વધુ સંયોજનો ધરાવતી ૧૫૬ ફિક્સ ડોઝ દવાઓ (FDCs) પર પ્રતિબંધ મૂક્યો હતો. એફડીસી એવી દવાઓ છે, જે એક નિશ્ચિત પ્રમાણમાં બે કે તેથી વધુ દવાઓના રસાયણોના સંયોજનથી બનાવવામાં આવે છે. તે સમયે એસેક્લોફેનાક ૫૦ એમજી, પેરાસીટામોલ ૧૨૫ એમજી ટેબ્લેટ્સ, પેરાસીટામોલ અને ટ્રેમાડોલ, ટૌરીન અને કેફીન સહિતની કેટલીક દવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

### ડોક્ટર બનવું મોંઘુ પડશે

# ૨૦ ટકાના અધધ વધારા સાથે ગુજરાતની ૧૦ ખાનગી મેડિકલ કોલેજની ફી જાહેર કરાઈ

## પીજી મેડિકલ કોલેજના મેનેજમેન્ટ ક્વોટામાં સૌથી વધુ ૩૭.૧૫ લાખ રૂપિયા વાર્ષિક ફી નક્કી કરાઈ છે

અમદાવાદ, તા.૨૫

યુજી મેડિકલ અને ડેન્ટલ એટલે કે એમબીબીએસ, બીડીએસ અને યુજી આયુર્વેદ તેમજ હોમિયોપેથીથી માંડી નર્સિંગ-ફીઝિયોથેરાપી સહિતના યુજી પેરામેડિકલ કોર્સની તથા પીજી ડેન્ટલની આ વર્ષની ફી જાહેર કરાયા બાદ હવે પીજી મેડિકલની ખાનગી કોલેજોની પણ નવી ફી જાહેર કરાઈ છે. જેમાં ૨૦૨૩-૨૪ ની સરખામણીએ આ વર્ષે ૨૦ ટકા સુધીનો સરેરાશ વધારો થયો છે. તમામ ખાનગી મેડિકલ કોલેજોમાંથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પીજી મેડિકલ કોલેજના મેનેજમેન્ટ ક્વોટામાં સૌથી વધુ ૩૭.૧૫ લાખ રૂપિયા વાર્ષિક ફી નક્કી કરાઈ છે.

પીજીમાં વિવિધ બ્રાન્ચ મુજબ ફી હોવાથી આ ફી તમામ બ્રાન્ચની કુલ બેઠકોની એવરેજ ફી છે. ગુજરાત સરકારની મેડિકલ અને પેરામેડિકલ કોલેજો માટેની ફી નક્કી કરતી ફી રેગ્યુલેશન કમિટી દ્વારા આજે પીજી મેડિકલની ખાનગી કોલેજોની પણ નવી ફી જાહેર કરી દેવાઈ છે. ફી કમિટી દ્વારા દર ત્રણ વર્ષે નવું ફી માળખું નક્કી કરવામાં આવે છે. ૨૦૧૮-૧૯માં ફી વધારો નક્કી થયો હતો, જેમાં ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં ત્રણ વર્ષ સુધી વાર્ષિક વધારો થયો હતો. પરંતુ, ૨૦૨૧-૨૨માં કોરોનાને કારણે ફી વધારો થયો ન હતો. ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધીના ત્રણ વર્ષ માટે કમિટી દ્વારા કોઈ જ ફી વધારો કરાયો ન હતો. પરંતુ ૨૦૨૦-૨૧માં જે ફી હતી તેની સરખામણીએ એટલે કે ત્રણ વર્ષે સરેરાશ ૨૦ ટકા સુધીનો ફી વધારો થયો છે. ફી કમિટી દ્વારા આ વર્ષે એક સાથે ત્રણ વર્ષને બદલે એક જ વર્ષ માટે એટલે કે ૨૦૨૪-૨૫ના વર્ષ માટે જ નવી ફી જાહેર થઈ છે. હવે આગામી વર્ષે અને તે પછીના વર્ષે પણ નવી ફી જાહેર થશે.

નવા ફી સ્ટ્રકચરમાં ૧૦ ખાનગી પીજી મેડિકલ કોલેજોમાં ગવર્મેન્ટ ક્વોટામાં ૭.૯૩ લાખથી ૨૦.૨૮ લાખ અને મેનેજમેન્ટ ક્વોટામાં ૨૬.૯૪ લાખથી ૩૭.૧૫ લાખ સુધીની ફી છે. સૌથી વધુ ૩૭.૧૫ લાખ રૂપિયા ફી સુરતની કોર્પોરેશન સંચાલિત મેડિકલ કોલેજમાં મેનેજમેન્ટ ક્વોટામાં થઈ છે. જે ગત વર્ષે ૩૦.૪૫ લાખ રૂપિયા હતી. જ્યારે સરકારી ક્વોટામાં ગત વર્ષે ૧૫.૮૦ લાખ ફી હતી જે વધીને ૧૮.૬૪ લાખ રૂપિયા થઈ છે. મહત્ત્વનું છે કે, કોલેજોને અપાતા આ ફી સ્ટ્ર્કચરમાં કોલેજો વિવિધ બ્રાન્ચ મુજબ પોતાની રીતે ફી નક્કી કરતી હોય છે, જેમાં જે બ્રાન્ચની વધુ ડિમાન્ડ હોય તેમાં વધુ ફી અને જે બ્રાન્ચની ઓછી ડિમાન્ડ હોય તેમાં ઓછી ફી લેવાય છે. પરંતુ, ફી કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલી એવરેજ ફીથી વધવી ન જોઈએ. જેમકે, કોલેજમાં ૨૦ બેઠકો હોય તો ૨૦ લાખ એવરેજ ફી મુજબ ૪ કરોડ ફી થાય. એટલે કોલેજ કુલ ચાર કરોડથી વધુ ફી ન લઈ શકે, પરંતુ બ્રાન્ચમાં ૨૦ લાખથી વધુ ફી લઈ શકાય.

### છેલ્લા ત્રણ દિવસથી વરસાદની આગાહી કરવામાં આવી

# સુરતમાં બે ઇંચ વરસાદ, સાબરકાંઠા છલકાયુ, અમદાવાદમાં કડાકાભડાકા

## વરસાદ શરૂ થતાની સાથે જ વહીવટી તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું

સુરત, તા.૨૫

હવામાન વિભાગ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વરસાદની આગાહી કરવામાં આવી હતી. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. તે મુજબ જ શહેરભરમાં વરસાદ ત્રાટક્યો હતો. સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સાંબરકાંઠામાં જિલ્લો છલકાઈ જાય તેટલો વરસાદ પડ્યો છે તો અમદાવાદમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને વીજળીના કડાકાભડાકા થયા છે.

સુરત શહેરમાં મેઘરાજાના આગમનથી નવી સિવિલમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાયો છે. નવી સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડીંગમાં પાણી ભરાઈ ગયા છે. જૂના મકાનના ગ્રાઉન્ડ ફ્લોર, આરએમઓ ઓફિસ અને લેબોરેટરીમાં પાણી ભરાઈ ગયા હતા. ઓપીડીની સાથે-સાથે રસ્તાઓ અને વોર્ડમાં પાણી ભરાવાના કારણે દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બે કલાકના વરસાદથી નવી સિવિલમાં પાણી ભરાવાના પ્રશ્નો ઉભા થયા છે.હવામાન વિભાગે આગાહી કરી હતી કે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. આગામી ૭૨ કલાક સુધી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદી વાતાવરણ રહેશે, જે મુજબ સુરત શહેર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ શરૂ થયો છે. સવારથી સુરતીઓ ગરમીનો અહેસાસ કરી રહ્યા હતા એટલું જ નહીં સુરતી લોકો છેલ્લા ૩ દિવસથી તોફાનનો સામનો કરી રહ્યા હતા. બપોર બાદ સતત વરસાદ પડતાં ગરમીમાંથી થોડી રાહત મળી હતી.વરસાદ શરૂ થતાની સાથે જ વહીવટી તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું હતું. ઉકાઈ ડેમની હાલની સપાટી ૩૪૨.૪૭ ફૂટ છે. ઉકાઈ ડેમની ખતરનાક ઊંચાઈ ૩૪૫ ફૂટ છે. તેથી વહીવટીતંત્ર સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ઉકાઈ ડેમની જળસપાટી ન વધે તે માટે વહીવટીતંત્ર સતત ચાંપતી નજર રાખી રહ્યું છે. વરસાદથી ખેડૂતોને થોડી રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ બંધ હોવાથી ખેડૂતો રાહ જોઈ રહ્યા હતા. ભાદરનો વરસાદ ખેડૂતો માટે રાહતરૂપ છે. જેમ જેમ ચોમાસું નજીક આવી રહ્યું છે, મહિનાના છેલ્લા ભાગમાં ભારે વરસાદની અપેક્ષા રાખો.

### શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ મંદિરને 'અર્ધ-અપૂર્ણ' ગણાવ્યા

# અયોધ્યા મંદિર સંપૂર્ણ બનશે ત્યારે પૂજા કરીશઃ શંકરાચાર્ય

## ગાયની અપ્રતિબંધિત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદો બનાવવા આહ્વાન કર્યું હતું

અયોધ્યા, તા.૨૩

અયોધ્યામાં રામમંદિરને 'અર્ધ-અપૂર્ણ' ગણાવીને આ વર્ષ જાન્યુઆરીમાં પ્રાણ-પ્રતિષ્ઠા સમારોહનો વિરોધ કરનાર ઉતરાખંડના જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ રવિવારે રામમંદિરમાં પૂજા-અર્ચના કરવાથી દૂર રહેવાનું હાલના તબક્કે ઉચિત માન્યું છે. અયોધ્યા પહોંચેલા સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને પત્રકારો દ્વારા રામમંદિરમાં ન જવા પર પ્રશ્ન પૂછવામાં આવ્યો, તો તમણે કહ્યું કે, અર્ધ-અપૂર્ણ નિર્માણવાળા મંદિરમાં પૂજા-અર્ચના કરી શકાય નહીં. હું રામમંદિરમાં ત્યારે પૂજા-અર્ચના કરીશ, જ્યારે મંદિરનું શિખર સંપૂર્ણ રીતે બની જશે. આ દરમિયાન શંકરાચાર્યએ ચિનેશ્વરનાથ મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના કરી હતી. અયોધ્યામાં રામકોટ વિસ્તારમાં રામ જન્મભૂમિ પરસિરની પરિક્રમા કરી હતી. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને અયોધ્યાથી દેશવ્યાપી 'ગૌ ધ્વજ સ્થાપના ભારત યાત્રા'ની શરુઆત કરી છે. અયોધ્યામાં સંતોની ઉપસ્થિતિ શંકરાચાર્યે અહીંયા ધર્મસભા બોલાવી હતી.આ ધર્મસભામાં બંધારણીય જોગવાઈઓને લાગુ કરવા અને ગાયની અપ્રતિબંધિત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદો બનાવવા આહ્વાન કર્યું હતું. ધર્મસભાને સંબોધિત કરીને શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ એમ પણ કહ્યું કે, આપણા દેશમાં ગાયને ગૌમાતા તરીકે પૂજા કરવામાં આવે છે. પરંતુ એ દુર્ભાગ્યપૂર્ણ છે કે ગાયની પૂજા કરનાર એ જ દેશ વિશ્વમાં ગાયના માંસના નિકાસ કરવામાં બીજા ક્રમનો મોટો દેશ છે. આ સાથે તેમણે જણાવ્યું કે, અમે સરકારને વિનંતી કરીએ છીએ કે એ ધર્મ અને ગાયના સન્માનમાં પગલાં ભરે અને ગૌહત્યા પર પ્રતિબંધ લગાવે.

### કેન્દ્રની નવી ગાઈડલાઈન

# હવે રસ્તાના નિર્માણમાં ઈન્ડસ્ટ્રી વેસ્ટનો ઉપયોગ કરવામાં આવશે

## પ્રોસેસ્ડ સોલિડ વેસ્ટ, પ્લાસ્ટિક વેસ્ટ, સ્ટીલ સ્લેગ અને ઈન્ડસ્ટ્રી વેસ્ટનો ઉપયોગ રસ્તાના નિર્માણમાં કરાશે

નવી દિલ્હી, તા.૨૫

શહેરો માટે સમસ્યાનો પહાડ બની ચૂકેલા કચરાના નિકાલ માટે કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે મહત્વનું પગલું ઉઠાવ્યું છે. નેશનલ હાઈવેના નિર્માણની પ્રક્રિયાને સ્વચ્છ ભારત મિશન-૨.૦ થી જોડતાં ઘણા મહિનાથી મંત્રાલય આ વ્યવસ્થાને લાગુ કરવા માટે કામ કરી રહ્યું હતું કે શહેરી ઘન કચરાનો ઉપયોગ રસ્તાના નિર્માણમાં કરવામાં આવે. હવે સરકારે સમગ્ર ગાઈડલાઈન બનાવી લીધી છે. કચરામાંથી મોટા પ્રમાણમાં નીકળતી માટીનો ઉપયોગ નેશનલ હાઈવેના નિર્માણમાં કરવાની સાથે જ રાજ્યોથી પણ કહ્યું છે કે તે પણ માર્ગના નિર્માણમાં તેનો ઉપયોગ કરી શકે છે. નેશનલ હાઈવેના નિર્માણ સાથે જોડાયેલી તમામ સંસ્થાઓની સાથે જ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે તમામ રાજ્યોને પણ ગાઈડલાઈન જારી કરી દીધી છે.

આમાં જણાવવામાં આવ્યું છે કે પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખતાં સરકાર એવી નીતિ બનાવવા પર કામ કરી રહી છે કે પ્રોસેસ્ડ સોલિડ વેસ્ટ, પ્લાસ્ટિક વેસ્ટ, સ્ટીલ સ્લેગ (સ્ટીલ ઉત્પાદન કચરો) અને ઈન્ડસ્ટ્રી વેસ્ટનો ઉપયોગ રસ્તાના નિર્માણમાં કરવામાં આવે. આ હેઠળ હાલ શહેરોથી નીકળનાર ઘન કચરાના માર્ગ નિર્માણમાં ઉપયોગ માટે ગાઈડલાઈન બનાવી લેવાઈ છે. સરકારનું કહેવું છે કે વર્તમાનમાં લગભગ ૧૭૦૦ લાખ ટન કચરો ૨૩૦૪ લેન્ડફિલ સાઈટ પર એકત્ર છે. આના કારણે લગભગ ૧૦ હજાર હેક્ટર જમીન ઘેરાયેલી છે. આને જોતાં જ ગતિ શક્તિ અભિયાન હેઠળ હાઈવે નિર્માણને સ્વચ્છ ભારત મિશન ૨.૦ થી જોડવામાં આવ્યુ છે. હાઈવે નિર્માણ માટે મોટા પાયે ખેતરોમાંથી માટી લેવી પડે છે. ઘન કચરાનો ઉપયોગ કરીને તેનાથી ઘણી હદ સુધી બચી શકાય છે. મંત્રાલયે જણાવ્યું છે કે ઘન કચરાની પ્રોસેસિંગથી નીકળનારી માટીથી હાઈવે નિર્માણના બે પાયલટ પ્રોજેક્ટ સફળ થઈ ચૂક્યા છે. હવે આ પ્રક્રિયાને અન્ય હાઈવેના નિર્માણમાં અપનાવવામાં આવશે અને રાજ્ય પણ રાજ્યોના માર્ગ બનાવવા માટે તેનો ઉપયોગ કરી શકે છે. ગાઈડલાઈનમાં આ પ્રક્રિયાને પણ સ્પષ્ટ કરી દેવાઈ છે કે ડીપીઆરના સ્તરના પ્રોજેક્ટ, નિર્માણાધીન પ્રોજેક્ટ અને આગામી પરિયોજનાઓ માટે ઠેકેદારો, સંબંધિત સત્તાવાળાઓ અને સંસ્થાઓ કઈ રીતે કામ કરી શકે છે.

તમામ મામલે ત્રિપક્ષીય કરાર કરવા પડશે જેથી ઘન કચરાથી નીકળનારી માટીનો પુરવઠો નિર્માણ માટે ઉપયોગ થઈ શકે. રાજ્યોને આ વ્યવસ્થાને અમલમાં લાવવા માટે નોડલ અધિકારી નિમણૂક કરવા માટે પણ કહેવામાં આવ્યુ છે.

### ઉત્તર પ્રદેશમાં ફરી બુલડોઝરવાળી

# હાઈકોર્ટના ફરમાન બાદ ૨૩ ગેરકાયદે બાંધકામો પર ફરી વળ્યું

## ગ્રામ પંચાયત સરાય જગનામાં સરકારી જમીન પર બનેલા ૨૩ ગેરકાયદેસર મકાન પર બુલડોઝર ચલાવ્યું હતું

લખનૌ, તા.૨૫

યુપીના બહરાઈચ જિલ્લામાં આજે બુલડોઝરવાળી થઈ છે. બહરાઈચના કેસરગંજ વિસ્તારના ફખરપુર બ્લોકના ગ્રામ પંચાયત સરાય જગનામાં સરકારી જમીન પર બનેલા ૨૩ ગેરકાયદેસર મકાન પર આજે બુલડોઝર ચલાવ્યુ છે. સુરક્ષાને ધ્યાનમાં રાખતા ગામમાં પોલીસ પીએસસીની સાથે એસડીએમ અને અન્ય જિલ્લાના અધિકારી હાજર રહ્યા. જોકે, ગ્રામજનો તરફથી કોઈ વિરોધ કરવામાં આવ્યો નથી. જિલ્લા તંત્રની આ કાર્યવાહી હાઈકોર્ટના આદેશ પર કરવામાં આવી રહી છે. આ માટે ગામમાં પહેલા જ જાહેરાત કરી દેવાઈ છે. સરાય જગનામાં જમીન અને રસ્તા પર ગામના લોકોએ ગેરકાયદેસર કબ્જો જમાવ્યો છે. કોઈકે પાક્કી તો કોઈકે કાચી ઝૂંપડી બનાવી લીધી છે. ૧૨૯ થી વધુ લોકો પોતાનું નિવાસ સ્થાન બનાવીને રહી રહ્યાં છે. આમાં મોટાથી લઈને બાળકો પણ સામેલ છે. જિલ્લા તંત્ર આ કાર્યવાહી હાઈકોર્ટના આદેશ પર કરવા જઈ રહ્યું છે. આ માટે ગામમાં પહેલા જ જાહેરાત કરી દેવાઈ છે. ગ્રામીણોએ જણાવ્યુ કે તમામ ૫૦ વર્ષોથી મકાન બનાવીને રહી રહ્યાં છે પરંતુ હવે આ જમીનને મહેસૂલ અધિકારીઓએ કબ્જામાં લેવા માટે નોટિસ જારી કરી છે. નોટિસ વર્ષ ૨૦૨૩માં જ મળી ચૂકી હતી. તે બાદ પણ જમીન પર કબ્જો હટાવવામાં આવ્યો નહીં. કોર્ટે જમીનથી કબ્જો હટાવવાના આદેશ આપ્યા. તંત્રનું કહેવું છે કે હાઈકોર્ટના આદેશ બાદ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.સ્થાનિક અને પ્રભાવિત લોકોનું કહેવું છે કે તંત્ર અને સરકાર દ્વારા ૨૩ નહીં પરંતુ ૧૧૯ ઘર પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યું છે. લોકોનું કહેવું છે કે અહીં સંપૂર્ણ વસતી વસે છે. અહીં ઘણા પ્રધાનમંત્રી આવાસ પણ બનેલા છે.

### ચોમાસાની વિદાય વેળાએ વરસાદી માહોલ જોવા મળ્યો

# અમદાવાદમાં વીજળીના કડાકા-ભડાકા અને ભારે પવન સાથે વરસાદ થયો

## શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ : ભારે બફારા અને ઉકળાટ વચ્ચે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી

અમદાવાદ, તા.૨૫

રાજ્યમાં ચોમાસાની વિદાય વેળાએ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. અમદાવાદ શહેરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ થયો હતો. આ સાથે જ ભારે બફારા અને ઉકળાટ વચ્ચે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

અમદાવાદના એસ.જી. હાઈવે, મકરબા, ગોતા, પ્રહલાદનગર, સરખેજ, આશ્રમ રોડ અને પૂર્વના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો.

અમદાવાદમાં ફરી વરસાદી માહોલ જામ્યો છે. લાંબા વિરામ બાદ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ભારે ઉકળાટ અને ગરમીથી અમદાવાદીઓને થોડી રાહત મળી છે. સાણંદની વાત કરીએ તો ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાયો છે. લાંબા વિરામ અને હવામાન વિભાગની આગાહીના પગલે ધીમીધારે વરસાદ વરસ્યો છે. સાણંદના ગ્રામ્ય પંથકમાં સતત વરસાદથી પાણી પાણી થયું છે. નોંધનીય છે કે, ગુજરાતમાંથી ચોમાસાની વિદાય થવાની શરૂઆત થઈ ગઈ છે. તો બીજી બાજુ રાજ્યમાં પાંચ દિવસ સૌરાષ્ટ્ર, દક્ષિણ સહિત ગુજરાતનાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

### ગુજરાત સરકારનો વધુ એક ખેડૂત હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય

# ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક વીજળી અપાશેઃ ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ

## સૌર ઉત્પાદનને અનુલક્ષીને હાલમાં ખેતીવાડી ક્ષેત્રે લગભગ ૭૫% થી વધુ સપ્લાય દિવસ દરમ્યાન આપવામાં આવે છે

અમદાવાદ, તા.૨૫

ગુજરાતના ખેડૂતોના હિતને વરેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ વાળી રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છ જીલ્લામાં ખેડૂતોના મગફળી તેમજ અન્ય ઉભા પાકોને બચાવવા ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક વીજળી આપવાનો ખેડૂત હિત લક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે રાજ્યમાં ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને એક અઠવાડિયે દિવસે અને બીજા અઠવાડિયે રાત્રેની રોટેશન પદ્ધતિથી દરરોજ નિયમિત સમયસર ૮ કલાક વીજળી આપવાનો કાર્યક્રમ અમલમાં છે, અને તે રીતે નિર્ધારીત નીતિ મુજબ ખેડૂતોને કૃષિ વિષયક વીજળી માટે સામાન્ય પરિસ્થિતીમાં પ્રતિ દિન સરેરાશ ૮ કલાક વીજળી રોટેશનથી આપવામાં આવતી હોય છે. જોકે સૌર ઉત્પાદનને અનુલક્ષીને હાલમાં ખેતીવાડી ક્ષેત્રે લગભગ ૭૫% થી વધુ સપ્લાય દિવસ દરમ્યાન આપવામાં આવે છે. રાજ્યના આશરે ૨૦.૧૦લાખ ખેતીવાડી ગ્રાહકો પૈકી આશરે ૧૬.૦૧ લાખ ગ્રાહકો ને દિવસ દરમ્યાન (એટલે કે સવારે ૫ કલાકે થી રાત્રે ૯ કલાકમાં) ખેતી વિષયક વીજળી પૂરી પાડવામાં આવે છે. વરસાદ ખેંચાતો હોય અથવા ઉભા પાકને બચાવવું જરૂરી જણાય તેવા વિવિધ સંજોગોમાં તેમજ ઋતુ પ્રમાણે ના ડાંગર, જીરું જેવા પાક ને બચાવવા માટે જરૂરિયાત પ્રમાણે કૃષિ વીજગ્રાહકોને પ્રતિ દિન સરેરાશ ૮ કલાક ઉપરાંત વધારાના કલાકો માટે વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. હાલમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના પીજીવીસીએલના વિજ વિતરણ ક્ષેત્ર હેઠળ આવતા જામ જોધપુર, લાલપુર, માણાવદર, વંથલી, મેંદરડા, કેશોદ, માંગરોલ, માળીયા હટીના તાલુકામાં તેમજ કચ્છ જીલ્લામાં મગફળી તેમજ અન્ય પાકોને બચાવવાના હેતુથી ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક વીજળી આપવા અમલવારી કરવાની સુચના ડિસ્કોમને આપી દેવામાં આવી છે જેનાથી ખેડૂતોના મહામૂલા ઉભા પાકને જીવતદાન મળ્યું છે.તા.૨૭.૦૮. ૨૦૨૪ ના રોજ પીજીવી સીએલની મહત્તમ વીજમાંગ ૩૧૪૭ મેગાવોટ અને વીજ વપરાશ ૫૫ મીલીયન યુનીટસ હતો, જે હાલમાં તા. ૨૩.૦૯.૨૦૨૪ ના રોજ વધીને અનુક્રમે ૯૦૩૫ મેગાવોટ અને ૧૫૪ મીલીયન યુનીટસ નોંધાયેલ છે. જે દર્શાવે છે કે પીજીવીસીએલની વીજમાંગમાં ઘણો વધારો થયેલ છે. એજ રીતે પીજીવીસીએલની ખેતીવાડી ક્ષેત્રની મહત્તમ વીજમાંગ ૧૮૭ મેગાવોટ અને વીજ વપરાશ ૦૩ મીલીયન યુનીટસ હતો,જે હાલમાં તા. ૨૩.૦૯. ૨૦૨૪ ના રોજ વધીને અનુક્રમે ૫૮૨૦ મેગાવોટ અને ૫૫ મીલીયન યુનીટસ નોંધાયેલ છે. જે પીજીવીસીએલની ખેતીવાડી ક્ષેત્રની વીજમાંગમાં થયેલ વધારો દર્શાવે છે. તા. ૨૭.૦૮.૨૦૨૪ ના રોજ રાજ્યની મહત્તમ વીજમાંગ ૧૨૧૫૭ મેગાવોટ અને વીજ વપરાશ ૨૬૯ મીલીયન યુનીટસ હતો, જે હાલમાં તા. ૨૩.૦૯.૨૦૨૪ ના રોજ વધીને અનુક્રમે ૨૪૨૦૫ મેગાવોટ અને ૪૯૩ મીલીયન યુનીટસ નોંધાયેલ છે. જે રાજ્યની વીજમાંગમાં થયેલ નોંધપાત્ર વધારો દર્શાવે છે. ઉભા પાકને બચાવવા જરૂરી જણાય ત્યારે મોંઘા ભાવના ગેસ એકમો માંથી, કેન્દ્રીય ક્ષેત્રના જનરેટીંગ સ્ટેશન, એક્સચેન્જ અને રીઅલ ટાઈમ માર્કેટમાંથી મોંઘા ભાવે વીજળીની ખરીદી કરીને પણ ખેતીવાડી ક્ષેત્રે ૧૦ કલાક વીજળી પૂરી પાડવામાં આવે છે.

### કંગનાની ટિપ્પણી પર જવાબ આપે મોદી : રાહુલ ગાંધી

# ૭૦૦થી વધુ ખેડૂતોના મોત પછી પણ ભાજપવાળાનું મન ભરાયું નથી

## મોદીએ આ મામલે સ્પષ્ટતા કરવી જોઈએ : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૨૫

ભાજપ સાંસદ કંગના રનૌતે ત્રણ કૃષિ કાયદાઓ પાછા ખેંચવાની વાત કરતાં વિવાદ વધુ વકર્યા બાદ કંગનાએ આ મામલે માફી માંગી છે. તેણે કહ્યું કે, મને આ નિવેદનને લઈને પસ્તાવો રહેશે.' આ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કંગનાના નિવદેનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધો પ્રહાર કરવાની સાથે જવાબો માંગ્યા છે. રાહુલે આજે બુધવારે કહ્યું કે, '૭૦૦ ખેડૂતોના જીવ ગયા પછી પણ ભાજપનું મન ભરાયું નથી. વડાપ્રદાન મોદીએ આ મામલે સ્પષ્ટતા કરવી જોઈએ.'

રાહુલે કહ્યું કે, 'સરકારની નીતિ કોણ તૈયાર કરી રહ્યું છે, એક ભાજપના સાંસદ કે વડાપ્રધાન મોદી? હરિયાણા અને પંજાબના સહિતના ૭૦૦થી વધુ ખેડૂતોના મોત પછી પણ ભાજપવાળાનું મન ભરાયું નથી. I.N.D.I.A ગઠબંધન અમારા અન્નદાતાઓના વિરુદ્ધમાં ભાજપનું કોઈ ષડયંત્ર સફળ થવા નહીં દે. જો ખેડૂતોને નુકસાન પહોંચાડવા માટે કોઈ પગલું ભરવામાં આવશે તો મોદીજીએ ફરીથી માફી માંગવી પડશે.' કંગના રનૌતે ગત મંગળવારે કહ્યું હતું કે, ખેડૂતો ભારતની પ્રગતિના આધારસ્તંભ છે. તેમણે માત્ર અમુક રાજ્યોમાં જ કૃષિ કાયદાનો વિરોધ કર્યો હતો. હું હાથ જોડીને અપીલ કરું છું કે, ખેડૂતોના હિતમાં આ કૃષિ કાયદાઓ પાછા લાવવા જોઈએ. ૨૦૨૧ માં રદ કરાયેલા કૃષિ કાયદાને પાછા લાવવાની માંગ કરતાં ભાજપ સાંસદે નિવેદન પાછું ખેંચતા કહ્યું કે, 'આ તેમના 'વ્યક્તિગત' મંતવ્યો હોવાથી પાર્ટીના વલણને પ્રદર્શિત કરતાં નથી.' રાહુલે કહ્યું કે, મોદીજી સ્પષ્ટ કરો કે, શું તમે તે કાયદાને ફરીથી લાવવા ઈચ્છો છો? તેમણે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન મોદીએ શહીદ ખેડૂતો માટે સંસદમાં બે મિનિટનું મૌન પણ રાખવા દીધું ન હતું.

### સ્માર્ટ મીટરનો વધુ એક વિવાદ

# સુરેન્દ્રનગરમાં સ્માર્ટ મીટરને લઈને વીજકર્મી અને સ્થાનિક વચ્ચે માથાકૂટ થઇ

## ઘરે પહેલાંથી સોલાર પેનલ અને એક સાદુ મીટર છે તેમ છતાં વીજકર્મીઓ દ્વારા સાદુ મીટર કાઢીને તેની બદલે સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યું હતું

સુરેન્દ્રનગર, તા.૨૫

સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારમાં આવેલી સંજીવની સોસાયટીમાં રહેવાસીના ઘરે વીજકર્મીઓ સ્માર્ટ મીટર લગાવવા માટે આવ્યા હતાં. રહેવાસીના ઘરે પહેલાંથી સોલાર પેનલ અને એક સાદુ મીટર છે. તેમ છતાં વીજકર્મીઓ દ્વારા સાદુ મીટર કાઢીને તેની બદલે સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યું હતું.

આ દરમિયાન રહેવાસીએ વીજકર્મીને પુછ્યું કે, તમે ના પાડ્યા છતાં સ્માર્ટ મીટર કેમ લગાવી રહ્યા છો? મારા ઘરે સોલાર છે તેમ છતાં સ્માર્ટ મીટર કેમ લગાવવા આવ્યા છો? ત્યારે વીજકર્મીએ જવાબ આપ્યો કે, 'રોટેશનલ વારો આવે છે, તમારો વારો આવ્યો ત્યારે તમારા ઘરે મીટર લગાવવા આવ્યા છીએ. આ સિવાય બીજી ૧૦૦ જેટલી જગ્યાએ પણ મીટર લગાવ્યા ત્યાં કોઈ ફરિયાદ નથી.' જ્યારે રહેવાસીએ પૂછ્યું કે, તો અમારે સોલારનું શું કરવાનું તેને ફેંકી દેવું? ત્યારે વીજકર્મીએ કોઈ સ્પષ્ટ જવાબ ન આપ્યો અને કહ્યું કે, તેને હાલ પૂરતું પેન્ડિંગ રાખવાનું. સમગ્ર વિવાદ છતાં મીટર લગાવવાની કામગીરી બંધ ન કરતાં રહેવાસીએ કંટાળીને વીજકર્મીને લાફો મારી દીધો હતો. આ અંગે પીજીવીસીએલના નાયબ ઈજનેર બાબુભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે, જે લોકોના ઘરમાં સોલાર સિસ્ટમ માટે માંગણી કરવામાં આવે તેના ત્યાં જ સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી ચાલી રહી છે. જે-તે ગ્રાહકને પૂછીને જ સ્માર્ટ મીટર લગાવવામાં આવે છે અને આ મકાનમાં પણ મહિલાને પૂછીને જ સ્માર્ટ મીટરની કામગીરી શરૂ કરાઈ હતી, તેમ છતાં વ્યક્તિએ સ્ટાફ સાથે માથાકૂટ કરી

# બાબરામાં નવરાત્રિ પર્વને લઈને ડબગર જાતિ સંગીતનાં સાધનોની મરામતમાં વ્યસ્ત





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

નવરાત્રિનું પર્વ આવે એટલે દાંડિયા રાસ યાદ આવે, તાલિયોના તાલે ગરબે રમવાની તાલાવેલી જાગે પણ અર્વાચીન હોય કે પ્રાચીન દાંડિયા રાસ સંગીતના સાધનો વગર શકય નથી અને આ સંગીતના સાધનોની યોગ્ય મરામત ગુજરાતમાં વસવાટ કરતી ડબગર જાતિના લોકો કરી રહ્યા છે. મૂળ પરંપરાગત અને પેઢીયુથી આ વ્યવસાય સાથે સંકળાયેલા ડબગર પરિવાર સંગીતનાં વિવિધ સાધનો બખૂબી મરામત કરે છે. ઢોલ હોય કે તબલા કે પછી નગારૂં જેને સરખી મરામત કરી સંગીતના ઢાળવાનું કામ સારી રીતે આ પરિવાર જાણે છે અને એટલા માટે જ તબલાના ઉસ્તાદ હોય કે ઢોલકના કે પછી મંજીરાના માણીગર આ કલાકારો ડબગર પરિવાર પાસે પોતાના સંગીતના સાધનો મરામત કરવાનો આગ્રહ રાખે છે. હાલ નવરાત્રીની સિઝન નજીક આવતા શેરી ગરબી વાળા તેમજ અન્ય સંગીતના સાધનોના કલાકાર પોતાના વિવિધ વાદ્યો મરામત કરાવી રહ્યા છે. મૂળ ભાવનગર જીલ્લાના ધોળા ગામના વતની વર્ષાબેન કમલેશભાઈ પરમાર (ડબગર) છેલ્લા ૧૯ વરસથી બાબરામાં વસવાટ કરી પતિ–પત્ની મળી સંગીતના સાધનોની મરામત કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા હતા. પણ નવ વરસ પહેલાં વર્ષાબેનના પતિ કમલેશભાઈનું સામન્ય બીમારી બાદ અવસાન થતાં વર્ષાબેન હાલ છેલ્લા ૧૦ વરસથી સમગ્ર વ્યવસાય એકલા હાથે સંભાળી સંગીતના તમામ સાધનો સારી રીતે મરામત કરી રહ્યા છે. વર્ષાબેનને પિતાના ઘરેથી સંગીતના સાધનોની મરામતનું જ્ઞાન મળેલ હોવાથી આગળ લગ્ન બાદ પતિને પણ આ વ્યવસાયમાં સાથ આપી રહ્યા હતા અને હાલ પતિની ગેરહાજરી થતા કોઈ પણ પ્રકારની મુંઝવણ વગર પોતાનો વ્યવસાય કરી રહ્યા છે. આ બાબતે વર્ષાબેન પરમાર દ્વારા જણાવ્યું હતું કે, આ વ્યવસાય અમારી પેઢીઓનો હોવાથી અમને બાલ્યકાળ શીખવા મળે છે. અમારી ડબગર જાતિ વર્ષો પેહલા રાજસ્થાનથી હિજરત કરી ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સ્થાયી થયા છે જેમાંથી મોટાભાગના લોકો હજુ આજ વ્યવસાય સાથે જોડાયેલા છે. વધુમાં વર્ષાબેને જણાવ્યું હતું કે, અમે મૂળ ભાવનગર જિલ્લાના ધોળા ગામના વતની અને બાબરામાં છેલ્લા ૧૯ વરસથી વસવાટ કરી સંગીતના સાધનોની મરામત કરવાનું કામ પતિ સાથે મળી કરી હતી પણ નવ વરસ પહેલાં પતિ કમલેશ પરમારનું એક ટૂંકી બીમારી બાદ અવસાન થયા બાદ પોતે ભાંગી ગયા હતા. પણ પરિવારની જવાબદારી હોવાથી આ વ્યવસાય સંભાળી આગળ વધી છું. આજે દસ વર્ષથી એકલી દુકાન અને ઘર બંને સાંભળી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. તબલા, નગારૂં, ખંજરી, મંજીરા, જાન પખાજ, ઢોલક સહિત સંગીતના સાધનોની મજુરી ઉપર મરામત કરવામાં આવે છે. વરસમાં નવરાત્રી દરમિયાન વધુ ગ્રાહકોની ભીડ રહેવાથી વર્ષાબેનને રાજકોટ ખાતે રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા પોતાના ભાઈ ધર્મેન્દ્રભાઈ મદદ માટે આવે છે અને નવરાત્રી પૂર્ણ થાય ત્યાં સુધી રોકાયને વ્યવસાયમાં મદદ કરે છે. હાલ બાબરામાં એક માત્ર ડબગર પરિવાર સંગીતના સાધનોની મરામત કરે છે એટલે બાબરા શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અને આસપાસના તાલુકાના વિસ્તારમાં સંગીતના સાધનોની મરામત કરવા લોકો આવે છે. વર્ષાબેને અંતમાં જણાવ્યું હતું કે, સંગીતના સાધનોની મરામત કરવામાં સંગીતના વાદ્યોની ઓળખ અને સંગીતનું જ્ઞાન હોવું પણ એટલું જરૂરી છે. તબલામાં કેટલી સાહિ લગાડવી, કેવી રીતે બાંધવું, ઉતારવું, ચડાવું વગેરે બાબતોને ધ્યાને લેવી પડે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ધારીનાં કુબડા ગામે

અજાણ્યા બે ઈસમો રહેણાંક મકાનમાં પ્રવેશ કરી દલસુખભાઈને ગાળો આપી તારો હવાલો મળેલ છે તેમ કહી આ કામના આરોપીઓએ ખેડૂત તથા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હવાલાના રૂપિયા ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) બે દિવસમાં તથા રૂપિયા ૫,૦૦,૦૦,૦૦૦ (પાંચ કરોડ) એક મહિનામાં ચુકવી આપવાનું કહી બળ બજરીથી રૂપિયા ૧,૫૦,૦૦૦ કઢાવી લઈ ગુનો કરેલ હોય. જે અંગે દલસુખભાઈએ પોતાની ફરિયાદ ધારી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

આ બનાવ અંગે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ ખેડૂત સાથે બળજબરીથી રોકડ કઢાવી, ખંડણી માંગનાર આરોપીઓને પકડી પાડવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ઉપરોકત ગુનામાં સંડોવાયેલ આરોપીઓની તપાસ તજવીજ દરમિયાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે સંડોવાયેલ સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે રહેતા આરોપી શૈલેષ નાથુભાઈ ચાંદુ તથા મહેશ ઉર્ફે ભગો નાથાભાઈ જીકાદ્રા વાળા બે આરોપીઓને પકડી પાડી પકડાયેલ આરોપીઓને આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૭૦૦ |
| ૨ | કપાસ | ૧૦૫૦ | ૧૫૨૫ |
| ૩ | બાજરો | ૪૪૧ | ૫૩૪ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| ૫ | જુવાર | ૫૩૦ | ૮૪૨ |
| ૬ | સોયાબીન | ૮૧૦ | ૮૧૦ |
| ૭ | અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૪૨ | ૧૧૩૫ |
| ૨ | શિંગ મોટી | ૭૩૩ | ૧૧૩૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૨૫ | ૧૩૪૩ |
| ૪ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૬૭૬ |
| ૫ | તલ કાળા | ૩૦૫૫ | ૩૮૬૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૬૭૫ | ૩૨૭૬ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૫૦૯ |
| ૮ | જુવાર | ૪૫૫ | ૮૦૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૭ |
| ૧૦ | ઘઉં લોકવન | ૩૫૦ | ૬૧૬ |
| ૧૧ | મકાઈ | ૪૫૬ | ૬૨૫ |
| ૧૨ | મગ | ૧૧૧૦ | ૧૬૬૫ |
| ૧૩ | અડદ | ૧૨૯૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૨૮૦ | ૧૪૭૧ |
| ૧૫ | કપાસ | ૯૭૨ | ૧૫૮૫ |
| ૧૬ | જીરૂ | ૨૫૭૫ | ૪૨૩૦ |
| ૧૭ | રાયડો | ૧૦૫૫ | ૧૦૯૨ |
| ૧૮ | ધાણા | ૧૦૯૫ | ૧૧૭૫ |
| ૧૯ | સોયાબીન | ૮૫૭ | ૯૦૦ |
| ૨૦ | રજકાનું બી | ૨૯૦૦ | ૪૬૦૦ |
| ૨૧ | કાંગ | ૮૦૦ | ૮૦૦ |

## જાફરાબાદનાં ટીંબી ખાતે પોષણ માસની ઉજવણી થઈ



જાફરાબાદ, તા. ૨૫

જાફરાબાદ તાલુકાનાં ટીંબી ગામે પોષણ માસની ઉજવણી કરાય આઈ.સી.ડી.એસ. ઘટક જાફરાબાદનાં માર્ગદર્શન મુજબ ટીંબી સેજામાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા વિવિધ વાનગીઓ બનાવીને પોષણ માસ ૨૦૨૪ ની ઉજવણી કરવામાં આવેલ છે. જેમાં ટી.એચ.આર.નાં પેકેટસમાંથી બનતી વિવિધ વાનગીઓ બનાવીને નિદર્શન કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં સીડીપીઓ મુખ્ય સેવિકા એન.એન.એમ. અને પા.પા. પગલી સ્ટાફ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ભારત સરકારનાં કુપોષિત મુકત ભારત બનાવવા માટે સપ્ટેમ્બર માસ વિવિધ એકિટવિટી મુજબ પોષણ માસની ઉજવણી કરવામાં આવેલ છે. જેમાં સગર્ભા માતા ધાત્રીમાતા, અને કિશોરીઓ અને છ વર્ષની વ્યજુથનાં બાળકો વય સુધીના બાળ કોનાં પોષણની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને કુપોષણ સામેનાં જંગ માટે વડાપ્રધાનએ ૨૦૧૮માં રાષ્ટ્રીય પોષણ અભિયાનની શરૂઆત કરાવી હતી. જેમાં હાલ સાતમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૦ | ૧૬૨૧ |
| ૨ | ઘઉં | ૪૪૫ | ૫૭૬ |
| ૩ | અડદ | ૧૨૯૦ | ૧૬૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૯૨૦ | ૨૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ જીણી | ૬૫૦ | ૯૦૦ |
| ૨ | શીંગ મોટી | ૬૦૦ | ૧૧૬૫ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૬૦૭ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૧૧ |
| ૫ | જીરૂ | ૪૩૦૦ | ૪૭૦૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૬૧૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૮૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૮ |
| ૯ | બાજરો | ૪૪૨ | ૪૮૦ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૭૦૦ |
| ૧૧ | ચણા | ૧૩૫૨ | ૧૪૪૨ |
| ૧૨ | તુવેર | ૧૨૪૦ | – |
| ૧૩ | એરંડી | ૧૧૫૧ | – |
| ૧૪ | રાય/રાયડો | ૮૬૫ | ૧૧૦૫ |
| ૧૫ | ધાણા | ૯૭૧ | ૧૦૨૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી અને રાજુલા પંથકમાં ખનિજ ચોરી

ખનિજ ચોરી કરતા ૭ ટ્રેકટર મળી કુલ રૂપિયા ૨૮ લાખનો મુદામાલ કબ્જે કરેલ છે. અમરેલી જિલ્લામાં આજે "સ્વચ્છતા" અને "એક પેડ મા કે નામ" અભિયાન ચાલે છે તે રીતે જિલ્લાભરમાં "ખનિજ ચોરી સફાઈ" અભિયાન શરૂ કરવામાં આવે તેવી માંગ જનતા કરી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બરવાળા બાવીશી ગામની સીમમાં

લલ્લુભાઈ જુલાચણા, (રહે. કમીગઢ, તા.જિ. અમરેલી), સુનીલભાઈ નટવરલાલ ખાચર, કિશોરભાઈ બાવનજીભાઈ કાચડ, તનસુખભાઈ હેમતભાઈ ખુટ, નરોતમભાઈ પ્રવિણભાઈ બુટાણી, રજનીકાંતભાઈ નટવરલાલ ખાચર, (રહે.તમામ પાટીદડ, તા.ગોંડલ), પરેશભાઈ ધીરૂભાઈ ચાવડા, (રહે. બાભણીયા, તા. વડીયા), તથા જીતેન્દ્રભાઈ ગોબરભાઈ માયાણી, (રહે. ધરાળા, તા.ગોંડલ) વાળા સહિત આઠ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ, રૂપિયા ૯૧,૮૦૦ તથા એક કાર રજી. નંબર જી.જે.૩. એચ.આર. ૬૬૩૨ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦ તથા એક અર્ટીકા કાર નંબર જી.જે.૧૩ એ.બી. ૧૨૪૧ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦ મળી કુલ કીમત રૂપિયા ૬,૯૧,૮૦૦ જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## મફતનાં અનાજની અદલી–બદલી

અને બન્ને ગાડીઓ સાથે જ રાખતા હોવાથી સો ફૂટની આસપાસ જગ્યા રોકાઈ જાય છે. તો આવા ટ્રાફિક નડતરને રોકવા જરૂરી છે. નાની લારીઓ રાખી ધંધો કરે એ વ્યાજબી છે. વાહનને લારીની જેમ પૈડા હોય તો જયાં ત્યાં ઉભાર રહેવાનો પીળો પરવાનો?? રેલ્વેના માલગાડીનાં ડબ્બાને પૈડા હોય છે તો શહેરમાં ધંધો કરવા થોડા ઉભા રખાય? જેનાથી નાના ધંધાદારી બે રોજગાર બને અને આવા તકવાદીઓ લાભ લઈ જાય. તો આવા ટ્રાફિક નડતરને નિયંત્રણમાં રાખવા જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, વાહન ચાલતા હોય શહેર હોય ત્યાં રોડની બન્ને બાજુ ફૂટપાથ રાખવામાં આવે છે જેથી પગે ચાલનારાને અકસ્માતનો ભય ન રહે. પરંતુ હમણા હમણા તો આ ફૂટપાથો ધંધાના અડીંગા બની ગયા હોય આવું લાગે છે. જેથી રાહદારીને ફરજીયાત વાહન ચાલતા રસ્તે ચાલવું પડે છે અને અકસ્માત થાય છે. તો આવા ધંધાર્થીને ત્યાંથી હટાવી ફૂટપાથ ખુલ્લી કરવી જરૂરી છે. જેથી અકસ્માત રેટમાં ઘટાડો થાય.

વધુમાં જણાવેલ છે કે, રોડ–રસ્તામાં પતો ભ્રષ્ટાચાર અટકાવવો જરૂરી છે. લોટ પાણીને લાકડા કરી કોન્ટ્રાકટર કામ કરતા હોય તો એમને દંડ અને સજા કરવી જોઈએ. તેવી માંગ રાજુલાનાં જાગૃત નાગરિક કનુભાઈ દુધરેજીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કરી છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૨૩ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૩૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૩૬ | ૫૪૯ |
| ૪ | સોયાબીન | ૮૬૩ | ૮૬૫ |
| ૫ | મેથી | ૧૦૦૦ | ૧૦૪૨ |
| ૬ | ચણા | ૧૩૦૫ | ૧૩૮૫ |
| ૭ | ધાણા | ૧૧૩૫ | ૧૨૨૫ |
| ૮ | તલ સફેદ | ૨૨૨૫ | ૨૪૩૩ |
| ૯ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૦ | મગફળી | ૬૦૦ | ૯૬૦ |
| ૧૧ | અડદ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૨ | બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| ૧૩ | તુવેર | ૧૦૫૦ | ૧૦૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં રહેતી એક તરૂણી સાથે

તરૂણીની શારીરિક છેડતી કરી તથા આરોપી સાહીલાના મિત્ર અલ્ફેઝ તથા માહીર (બંને રહે. અમરેલી) તથા સાહીલનો મોટો ભાઈ ફેઝલ સુમરા (રહે. ગાવડકા)એ ભોગ બનનાર તરૂણીના મેરેજ કરાવવા માટે કહી મદદગારી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરા અને કુંકાવાવનાં

ટ્રાન્સફોર્મરની સંખ્યા ૧૫૦૭૭ નંગ છે અને ભારે દબાણની વીજ લાઈનની લંબાઈ ૨૫૬૮.૨ કિમી છે. જેના લીધે થઈને વિજ ગ્રાહકોના પ્રશ્નોનું નિરાકરણ સમયસર કરી શકતું નથી અને વિજ ગ્રાહકોને અગવડતા થાય છે. તથા આ પેટા વિભાગીય કચેરી મા ૨ જીલ્લા અને ૪ તાલુકાઓ વચ્ચે ૪૪ ગામડા નો સમાવેશ થાય છે. જેમાં રાજકોટ જીલ્લાના ગોંડલ અને જસદણ તાલુકાઓ ના ૨૨ તથા બાબરા અને કુકાવાવ તાલુકા ના ૨૨ ગામડાનો સમાવેશ થાય છે. આમ કામ કરવાનું કાર્યક્ષેત્ર ખુબ જ વિશાળ હોવાથી વાસાવડ પેટા વિભાગીય કચેરીનું વિભાજન કરવું અતિ આવશ્યક હોય, વહેલામા વહેલી તકે કરવામાં આવેલ દરખાસ્તની મંજૂરી મળ્યે ગ્રાહકોને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ થઈ શકે તેમ છે તો આ બાબતને ધ્યાનમાં લઈ યોગ્ય કરાવવા ધારાસભ્ય દ્વારા ભલામણ કરવામાં આવી હતી,

ધારાસભ્યની ભલામણના અનુંસંધાને ગુજરાત રાજયના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા સંલગ્ન વિભાગને સુચના આપી તાત્કાલીક અસરથી આ કચેરીનું વિભાજન કરવા જણાવેલ હતું, ઉર્જા મંત્રી દ્રારા સોંપવામાં આવેલ કામગીરી સંદર્ભે ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા દેરડી ખાતે નવી પેટા વિભાગીય કચેરી (સબ ડીવીઝન) મંજુર કરવામાં આવતાં બાબરા તેમજ કુકાવાવ તાલુકાના અંદાજે ૨૨ જેટલા ગામડાંઓને કાયમી મુશ્કેલીમાંથી મુકિત મળી છે.

નવી પેટા વિભાગીય કચેરી (સબ ડીવીઝન) મંજુર થતાં બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોએ લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યકત કર્યો હતો.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૪૮૬ |
| ૨ | મગફળી | ૮૫૧ | ૯૯૪ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| ૪ | અડદ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૫ | તલ | ૨૪૫૧ | ૨૪૫૧ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૧૨૧ | ૧૨૨૬ |
| ૮ | બાજરો | ૪૦૧ | ૪૦૧ |


### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

અરજદાર : (૧) કમરૂભાઈ સકરીયાભાઈ બીલવાલ — જન્મ નોંધ અરજી રજી.નં. ૫૦/૨૦૨૪
રે. લીલીયા મોટા, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકિલ શ્રી કિશોરભાઈ એમ પાઠક, ઠે. ''મનુસ્મૃતિ'' કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા મો. ૯૪૨૭૪૨૯૫૯૦

વિરૂધ્ધ

સમાવાળા : તલાટી કમ મંત્રી – વ – જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, લીલીયા, તા. લીલીયા જી.અમરેલી

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના લીલીયા ગામના રહીશ શ્રી કમરૂભાઈ સકરીયાભાઈ બીલવાલએ તેમના પુત્રનો જન્મ લીલીયા મુકામે તા. ૧૪/૧૦/૨૦૧૪ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી કમરૂભાઈ સકરીયાભાઈ બીલવાલના પુત્ર શ્રી અરૂણ કમરૂભાઈ બીલવાલના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને – ૨૦૧૪માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટર નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૬/૦૯/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા



### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

અરજદાર : (૧) રાજુભાઈ નથુભાઈ ગોગદાણી — મરણ અરજી રજી.નં. ૧૩/૨૦૨૪
રે. હરિપર, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકિલ શ્રી કિશોરભાઈ એમ પાઠક, ઠે. ''મનુસ્મૃતિ'' કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા મો. ૯૪૨૭૪૨૯૫૯૦

વિરૂધ્ધ

સમાવાળા : તલાટી કમ મંત્રી – વ – જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી,હરિપર, તા. લીલીયા જી.અમરેલી

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી રાજુભાઈ નથુભાઈ ગોગદાણી, રે.હરિપર, તા.લીલીયા, જિ.અમરેલીના દાદા સ્વ.ખોડાભાઈ વશરામભાઈ ગોગદાણીનું અવસાન હરિપર મુકામે તા.૦૮/૧૨/૧૯૭૯ ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ મરણનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રીના દાદા સ્વ. ખોડાભાઈ વશરામભાઈ ગોગદાણીનું મરણનોંધ સને – ૧૯૭૯માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણનોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૬/૦૯/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા



### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

અરજદાર : (૧) રાજુભાઈ નથુભાઈ ગોગદાણી — મરણ અરજી રજી.નં. ૧૨/૨૦૨૪
રે. હરિપર, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકિલ શ્રી કિશોરભાઈ એમ પાઠક, ઠે. ''મનુસ્મૃતિ'' કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા મો. ૯૪૨૭૪૨૯૫૯૦

વિરૂધ્ધ

સમાવાળા : તલાટી કમ મંત્રી – વ – જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી,હરિપર, તા. લીલીયા જી.અમરેલી

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી રાજુભાઈ નથુભાઈ ગોગદાણી, રે.હરિપર, તા.લીલીયા, જિ.અમરેલીના દાદી સ્વ.ઘોળીબેન ખોડાભાઈ ગોગદાણીનું અવસાન હરિપર મુકામે તા.૧૨/૦૩/૧૯૭૫ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામા વાળાએ મરણનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રીના દાદી સ્વ. ઘોળીબેન ખોડાભાઈ ગોગદાણીનું મરણનોંધ સને – ૧૯૭૫ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણનોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૬/૦૯/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા



### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

અરજદાર : (૧) મનસુખભાઈ રામજીભાઈ ચાવડા — જન્મ નોંધ અરજી રજી.નં. ૫૦/૨૦૨૪
રે. લીલીયા મોટા, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકિલ શ્રી કિશોરભાઈ એમ પાઠક
ઠે. ''મનુસ્મૃતિ'' કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા મો. ૯૪૨૭૪૨૯૫૯૦

વિરૂધ્ધ

સમાવાળા : તલાટી કમ મંત્રી – વ – જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, લીલીયા તા. લીલીયા

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના લીલીયા ગામના રહીશ શ્રી મનસુખભાઈ રામજીભાઈ ચાવડાએ તેમના પોતાનો જન્મ લીલીયા મુકામે તા. ૧૫/૦૯/૧૯૫૮ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર મનસુખભાઈ રામજીભાઈ ચાવડા પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને – ૧૯૫૮માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટર નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૬/૦૯/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા



### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

અરજદાર : (૧) ભીખાભાઈ મુળજીભાઈ કથીરીયા — જન્મ નોંધ અરજી રજી.નં. ૫૦/૨૦૨૪
રે. સાજણટીંબા, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકિલ શ્રી કિશોરભાઈ એમ પાઠક
ઠે. ''મનુસ્મૃતિ'' કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા મો. ૯૪૨૭૪૨૯૫૯૦

વિરૂધ્ધ

સમાવાળા : તલાટી કમ મંત્રી – વ – જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સાજણટીંબા તા. લીલીયા

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના સાજણટીંબા ગામના રહીશ શ્રી ભીખાભાઈ મુળજીભાઈ કથીરીયાએ તેમના પુત્રીનો જન્મ સાજણટીંબા મુકામે તા. ૦૧/૦૬/૧૯૭૭ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર ભીખાભાઈ મુળજીભાઈ કથીરીયાના પુત્રી શ્રી અસ્મિતાબેન ભીખાભાઈ કથીરીયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને – ૧૯૭૭માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટર નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૬/૦૯/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## અમરેલી જિલ્લાનાં રાજકીય માહોલમાં વ્યાપક પરિવર્તન દેખાઈ રહયું છે

# ભાજપ જુથબંધીમાં વ્યસ્ત અને કોંગ્રેસ આળશ મરડીને થાય છે ઉભી

**જિલ્લામાં ગ્રામ પંચાયતથી લઈને સંસદ અને સરપંચથી લઈને સાસંદપદ સુધી ભાજપનો કબ્જો**

**સફળતાનાં શિખરો સર કર્યા બાદ ભાજપના હજારો કાર્યકર્તાઓ આરામની પરિસ્થિતિમાં**

**જિલ્લામાં સુષુપ્ત અવસ્થામાં રહેલ કોંગી કાર્યકરો અને આગેવાનોમાં સળવળાટ શરૂ થયો**

**જિલ્લાનાં રાજકારણમાં આગામી ૧૦૦ દિવસ અતિ મહત્વનાં સાબિત થવાના છે**

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લાનાં રાજકારણમાં આગામી ૧૦૦ દિવસ અતી મહત્વનાં સાબિત થવાનાં છે. જિલ્લાની ગ્રામ પંચાયતથી લઈને દેશની સર્વોચ્ચ પંચાયત ગણાતી સસંદ અને સરપંચથી લઈને સાસંદ સુધીનાં પદ સુધી ભાજપનો દબદબો હોય ભાજપનાં કાર્યકરો અને આગેવાનો હવે શાંતી પસંદ કરી રહયા છે. તો બીજી તરફ કોંગી કાર્યકરો પુનઃ આળશ મરડીને બેઠા થવાનો પ્રયાસ કરતા જોવા મળી રહયા છે.

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી સતારૂઢ થયેલ ભાજપનાં કાર્યકરો અને આગેવાનોમાં હવે, અંદરો અંદરની ચડાસા ચડસી જોવા મળી રહી છે. જિલ્લા ભાજપમાં આગેવાનો વચ્ચે મતભેદ ચાલતા હોય તેવું અવાર નવાર બહાર આવી રહયું છે. અને સર્વોચ્ચ શિખરસર કર્યા બાદ સ્વાભાવિક પણે કાર્યકર્તાઓ થોડા નિષ્ક્રીય બની જતાં હોય છે.

એક સમયે કોંગ્રેસ પક્ષમાં કાર્યકરો પણ વર્ષો સુધી સત્તાનો સ્વાદ માણીને આરામની સ્થિતિમાં આવી ગયા અને ભાજપનો ઉદય થયો તેમ હવે, ભાજપની નિષ્ક્રીયતા શરૂ હોય કોંગ્રેસ પક્ષ પુનઃબેઠો થવાનો પ્રયાસ કરી રહયો હોય મફળ થશે કે નહી તે માટે આગામી ૧૦૦ દિવસ અતી મહત્વનાં સાબિત થવાનાં છે.

કારણ કે આગામી ૧૦૦ દિવસમાં જમ્મુ – કાશ્મીર હરિયાણા વિધાનસભાનું ચુંટણી પરિણામ આવી જશે. અને સંભવત મહારાષ્ટ્ર અને ઝારખંડમાં પણ વિધાનસભાની ચુંટણી યોજાશે. અને ૪ રાજયની ચુંટણીનું પરિણામ જે પક્ષ તરફી આવશે તેમનો ઉત્સાહ ચોકકસ વધશે. રાજકીય નિરીક્ષકો માને છે કે ૪ રાજયોમાં કોંગ્રેસપક્ષનો દેખાવ સારો રહેશે. પણ કેટલો સારો રહેશે તે માટે રાહ જોવી રહી.

---

### ટ્રેન દુર્ઘટનાના કિસ્સામાં તાત્કાલિક પહોંચી કરશે મદદ

# રેલવેએ પ્રથમ વખત રક્ષક દળની કરી રચના

**ભારતીય રેલવેએ પાયલટ પ્રોજેક્ટ હેઠળ ઉત્તર પશ્ચિમ રેલવે ઝોનમાં આ પહેલ શરૂ કરી દેવામાં આવી છે**

જયપુર, તા.૨૫

દેશભરમાં વધી રહેલા રેલ અકસ્માતો વચ્ચે ભારતીય રેલવેએ પ્રથમ વખત રેલ રક્ષક દળની રચના કરી છે. પાયલટ પ્રોજેક્ટ હેઠળ, ભારતીય રેલવેએ ઉત્તર પશ્ચિમ રેલવે (NWR) ઝોનમાં આ પહેલ શરૂ કરી છે. રેલ રક્ષક દળ તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરવા સક્ષમ છે. ટીમને ટોર્ચ, વોકી ટોકી, દોરડું, પ્રાથમિક સારવાર કીટ અને અન્ય સાધનો આપવામાં આવશે.

નોર્થ વેસ્ટર્ન રેલવેના IG RPF જ્યોતિ કુમાર સતીજાએ કહ્યું કે, 'અમારા માટે ગર્વની વાત છે કે રેલવે મંત્રીએ કોઈપણ રેલ અકસ્માતના કિસ્સામાં તાત્કાલિક રાહત આપવા માટે આ પહેલ શરૂ કરી છે. પાયલટ પ્રોજેક્ટ હેઠળ, ઉત્તર પશ્ચિમ રેલવેને આ જવાબદારી આપવામાં આવી છે. આ પહેલીવાર છે જ્યારે RPFને બચાવ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી રહી છે.આ ટીમ અકસ્માત રાહત ટ્રેન પહેલા રોડ માર્ગે ઘટના સ્થળે પહોંચવામાં સક્ષમ છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવની પહેલ પર ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા પાયલટ પ્રોજેક્ટ તરીકે રચાયેલી આ ટીમને નેશનલ ડિઝાસ્ટર રિલીફ ફોર્સ (NDRF) દ્વારા તાલીમ આપવામાં આવી છે. ઝોનના ચાર વિભાગોમાં ચાર સ્થળો બાંદિકૂઈ, લાલગઢ, ઉદયપુર અને મેર્તા રોડ પર તૈનાત કરવામાં આવી છે.

ઉત્તર-પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અમિતાભે કહ્યું કે, 'રેલ રક્ષક દળની રચના મંત્રીના નિર્દેશ પર કરવામાં આવી છે. જેમાં રેલવેના સક્ષમ કર્મચારીઓને તૈનાત કરવામાં આવી રહ્યા છે. અમે તેમને સ્વિમિંગ જેવા ક્ષેત્રમાં તાલીમ આપી રહ્યા છીએ. આમાં ઉપયોગમાં લેવાતા તમામ સાધનો ઓછા વજનના અને લઈ જવામાં સરળ છે. રેલ રક્ષક દળનો હેતુ રેલવે દ્વારા જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરવાનો અને સમયાંતરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ તેનો ઉપયોગ કરવાનો છે. રેલવે તરફથી આ એક પહેલ છે કે જરૂરી હોય તો તમામ હિતધારકોને તેનો વિનામૂલ્યે ઉપયોગ કરવાની તક મળે. અત્યાર સુધી અમે દ્રઢઈલ્ને બોલાવતા હતા, પરંતુ મંત્રીએ એક પ્રયોગ તરીકે આ પહેલ શરૂ કરી છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કવચ 4.0 ભારતમાં પ્રથમ વખત સવાઈ માધોપુરથી શરૂ કરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં કવચ લગાવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે, આ માત્ર શરૂઆત છે, આવનારા વર્ષોમાં ૧૦ હજાર લોકોમોટિવ્સ કવચથી સજ્જ થશે અને ૯ હજાર વધારાના કિલોમીટર કવચથી સજ્જ થશે. અશ્વિની વૈષ્ણવે વધુમાં કહ્યું, 'કવચ 4.0 હેઠળ, લોકો પાયલટ તેની કેબમાં જ ૧૦ કિલોમીટર દૂર સિગ્નલ જોઈ શકે છે. જો ટ્રેન લાલ સિગ્નલની નજીક આવી રહી હોય અને ડ્રાઈવર ધ્યાન ન આપે તો કવચ આપોઆપ બ્રેક લગાવશે.

કવચને વરસાદની મોસમ, ડુંગરાળ વિસ્તારો અને દરિયાકાંઠાના વિસ્તારોને અનુરૂપ વિકસાવવામાં આવ્યું છે. આગામી ૫-૬ વર્ષમાં સમગ્ર નેટવર્કને કવચથી આવરી લેવામાં આવશે.

---

# ભારતની પ્રથમ એર ટ્રેન સેવા ટૂંક સમયમાં શરૂ થશે

નવી દિલ્હી, તા.૨૫

ભારતની પ્રથમ એર ટ્રેન સેવા ટૂંક સમયમાં દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ થશે. આ ડ્રાઈવર વિનાની ટ્રેન મુસાફરોને વિવિધ ટર્મિનલ, પાર્કિંગ અને મેટ્રો સ્ટેશન પર લઈ જશે.દેશની પ્રથમ એર ટ્રેન સેવા દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ થશે. એર ટ્રેન એ મેટ્રો જેવી ડ્રાઈવર વિનાની ટ્રેન છે. હાલના એરપોર્ટ પરના ત્રણ ટર્મિનલ વચ્ચે જવા માટે, મુસાફરોએ બસ પકડવા માટે બસ સેવાનો ઉપયોગ કરવો પડતો હતો અથવા ફ્લાઈટમાં ઉતર્યા પછી અન્ય વિસ્તારોમાં કેબનો ઉપયોગ કરવો પડતો હતો. આ ખૂબ જ સમય માંગી લે તેવું કાર્ય છે. આવી સ્થિતિમાં મુસાફરોની સુવિધા માટે ૨૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૭.૭ કિલોમીટર લાંબી એર ટ્રેન સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૨૦૨૭માં આ સિસ્ટમ શરૂ થતાં હાલની બસ સેવા બંધ થઈ જશે. આ પણ અન્ય મેટ્રો રેલની જેમ છે. તેમાં મર્યાદિત સંખ્યામાં કમ્પાર્ટમેન્ટ્સ છે. પાટા પર ચાલે છે. ડ્રાઈવર વિનાની આ ટ્રેન પૂર્વ-નિર્ધારિત ટ્રેક પર એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. જમીનની નીચે કે ઉપર પુલ પર ચાલવાને કારણે અવરજવરમાં કોઈ અડચણ નથી. ઝડપી મુસાફરી શક્ય છે. આનો ઉપયોગ અન્ય ટર્મિનલ્સ, પાર્કિંગની જગ્યાઓ, કેબ પિકઅપ પોઈન્ટ્સ, હોટલ વગેરે સુધી પહોંચવા માટે થઈ શકે છે.

---

## ૨૬ સપ્ટેમ્બર, ''વિશ્વ પર્યાવરણીય સ્વાસ્થ્ય દિવસ''



અમરેલી, તા.૨૫

જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર કુદરતની કલ્પના કરવી અશકય છે. જંગલ છે તો વન્યજીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિમાંસેથી સમૃદ્ધ દેશ એ જ છે જયાં જળ, જંગલ, જમીન અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલ અને વન્યજીવ માટે વિભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે સપ્ટેમ્બરે ''વિ પર્યાવરણીય સ્વાસ્થ્ય દિવસ'' મનાવવામાં આવે છે.

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્યજીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને કયારેક સ્વ ને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ. આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હમણાં હમણાં વન્યજીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાનાં કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુસણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુસણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

''વિ પ્રકૃતિ સંરક્ષણ દિવસ''નો હેતુ પ્રકૃતિનાં સંરક્ષણ માટે જરૂરી પગલાં લેવાનો છે. પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વોર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. કુદરતનું સંવર્ધન કરવા માટે કાયમી વિવિધ ઉપાયો કરતા રહેવું જરૂરી છે.

જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.

પાણીનો બગાડ ન કરવો જોઈએ.

જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીન પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણને ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ.

પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ.

વીજળી, પેટ્રોલ – ડીઝલ બચાવવું જોઈએ.

કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેક્નિક્સ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઈઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.


શાકાહાર અપનાવવું જોઈએ.

---


### ધારાસભ્ય અને સાંસદના સંયુક્ત પ્રયાસોથી

# લાઠી તાલુકામાં રૂા. ૧૦ કરોડ ૨૦ લાખના ખર્ચે નવા ડામર રોડ મંજુર કરવામાં આવ્યા

**ગામડાઓની વર્ષો જુની સમસ્યાનો અંત આવશે**







લાઠી, તા.૨૫

લાઠી બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા રાજય સરકારને લાઠી, બાબરા, અમરેલી વિસ્તારના સર્વાંગી વિકાસ માટેની રજૂઆતો સતત કરવામાં આવી રહી છે. જીલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ હયાત નાળા અને કોઝવે બન્યાને વર્ષો થઈ ગયા હોવાથી બધા જ નાળા અને પુલિયાને નવા બનાવવા કે રીપેર કરવાની જરૂરીયાત ઊભી થવાથી જે બાબતને ગંભીરતા પૂર્વક હાથ પર લઈ ધારાસભ્યએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીને રજુઆત કરેલ જે રજુઆતને પગલે રાજય સરકાર દ્વારા અગાઉ નાળા, પુલ, ડામર રોડને રીસર્ફેશ કરવાના અનેક કામો મુખ્યમંત્રી ગંભીરતા સમજી આવા કામોને મંજૂરી આપી છે.

લાઠી તાલુકાના જરખીયા કેરાળા રોડ સ્ટેટ હાઈવે સુધી નવો ડામર રોડ રૂા. ૩ કરોડ ૩૦ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે. તેમજ હીરાણા જુનવદર રોડ જીલ્લા હદ સુધી નવો ડામર રોડ રૂા. ૩ કરોડ ૯૦ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે તેમજ ભાલવાવ નાના ચારોડીયા જીલ્લા હદ સુધી નવો ડામર રોડ રૂા. ૩ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવેલ આમ લાઠી વિસ્તારમાં અંદાજે રૂ.૧૦ કરોડ ૨૦ લાખના નવા ડામર રોડ બનાવવાના કામો મંજુર કરવામાં આવેલ છે. આ તમામ નવા પાકા ડામર રોડના કામો મંજુર થતા સ્થાનિક લોકો દ્વારા ખુશીની લાગણી વ્યકત કરવામાં આવી હતી. અને ધારાસભ્ય તેમજ સાંસદનો આભાર માનવામાં આવ્યો હતો.

---

# કમલા હેરિસના ચૂંટણી કાર્યાલયે ગોળીબારની ઘટના

**હુમલાને કારણે એ બિલ્ડિંગમાં કામ કરતા લોકો અને આજુબાજુમાં રહેતા લોકોની સુરક્ષા અંગે ચિંતા ઊભી થઈ**

વોશિંગ્ટન, તા.૨૫

અમેરિકાના એરિઝોના રાજ્યમાં ડેમોક્રેટિક પદના ઉમેદવાર કમલા હેરિસના ચૂંટણી કાર્યાલયે ફરી એકવાર ગોળીબારની ઘટનાથી હડકંપ મચી ગયું છે. એક મહિનામાં આ બીજી ઘટના હતી જ્યારે ટેમ્પે શહેરમાં ચૂંટણી કાર્યાલયને નિશાન બનાવાયું હતું. ઓફિસની સામે બારીઓ પર પેલેન ગન વડે ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

ટેમ્પે પોલીસે જણાવ્યું કે આ ઘટના ગત રાત્રિએ બની હતી. ડેમોક્રેટિક નેશનલ કમિટીના કાર્યાલયે આ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં મોટા નુકસાનની વાત સામે આવી છે. જોકે આ ઘટનામાં કોઈ ઘાયલ કે મૃત્યુ પામ્યાની જાણકારી હજુ મળી શકી નથી. પબ્લિક ઈન્ફર્મેશન ઓફિસર સાર્જન્ટ રયાન કુકે કહ્યું કે ઘટના સમયે કાર્યાલયના પરિસરની અંદર કોઈ નહોતું પણ તાજેતરના હુમલાને કારણે એ બિલ્ડિંગમાં કામ કરનારા લોકોની સાથે સાથે આજુબાજુમાં રહેતા લોકોની સુરક્ષા અંગે ચિંતા ઊભી થઈ છે.

સ્થાનિક મીડિયાએ આ ઘટના બાદના ફૂટેજ પણ જાહેર કર્યા હતા જેમાં ઓફિસના એક દરવાજા અને બે બારીઓમાં ગોળીઓના નિશાન દેખાયા હતા. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે ઘટનાસ્થળે સુરક્ષામાં વધારો પણ કરી દીધો છે.

---

# રાજુલા ખાતે પાલિકાની ચૂંટણીને લઈને કોંગ્રેસની બેઠક યોજાઈ









સ્થાનિક સ્વરાજયની રાજુલા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણી અગાઉ જ કોંગ્રેસ પક્ષ દ્વારા અત્યાર થીજ બેઠકોનો દોર શરૂ કર્યો હતો. ને આજે રાજુલા ખાતે કોંગ્રેસી નેતાઓની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે કાર્યકર્તા બેઠક યોજવામાં આવી હતી ને પ્રથમ વાર પાલિકાની ચૂંટણી લડવા અને પાલિકાની સત્તા હાંસિલ કરવા કોંગ્રેસમાં જવો જોમ જુસ્સો જોવા મળ્યો હતો. રાજુલાની કોંગ્રેસ બેઠકમાં રાજુલાના પ્રભારી રાજભાઈ મહેતા અને જાફરાબાદના પ્રભારી હિંમત કટારીયા સાથે જીલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાત, જીલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન ટીકુભાઈ વરૂ, નાયાભાઈ ગુર્જર, રવિરાજભાઈ ધાખડા, ગાંગાભાઈ હડીયા, રમેશભાઈ બાંભણીયા, નાથાભાઈ પરમાર, જે.ડી. કાછડ, રાહુલભાઈ ધાખડા, બાલાભાઈ આહિર, અબ્દુલભાઈ સેલોત, રવજીભાઈ કોળી, રસૂલભાઈ દલ, કરણભાઈ કોટડીયા, ચંપુભાઈ ધાખડા, દાદભાઈ બારોટ, ઉત્સવ મારૂં, આશાબેન દવે, ઉપાસના બેન, જયંતીભાઈ મારૂં, હરજીવન ધમલ, સહિતના કોંગી કાર્યકર્તાઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં ને આગામી રાજુલા જાફરાબાખ નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન બિરાજમાન થાય તે અંગે કોંગ્રેસ પ્રભારી, જીલ્લા કોંગ્રેસ પ્રમુખને કાર્યકર્તાઓ જેમ જુસ્સો બતાવ્યો હતો. રાજુલા ખાતે આજે કોંગ્રેસની બેઠકમાં નવા પ્રાણ ફૂંકાયા હોય તેમ આજની બેઠકથી આગામી રાજુલા જાફરાબાદ નગરપાલિકામાં ભાજપને કપરા ચડાણ થાય તેવા સમીકરણો સ્પષ્ટ જોવા મળ્યા હતાં.





## સરકાર પેટ ભરવા અનાજ આપે અને તેનું કાર્ડધારક કરે છે વેચાણ

# મફતનાં અનાજની અદલી-બદલી કરનારનાં કાર્ડ રદ કરો

**સમગ્ર જિલ્લામાં અમુક ફેરિયાઓ કાર્ડ ધારક પાસેથી અનાજ લઈને પ્લાસ્ટીકની વસ્તુ ખુલ્લેઆમ આપે છે**

**જે કાર્ડ ધારક મફતમાં મળતું અનાજ વેચી મારે તેનાં કાર્ડ રદ કરવા જરૂરી છે**

**રેશનકાર્ડ ધારક પાસેથી અનાજ લેનાર સામે પોલીસ ફરિયાદ દાખલ કરવી જોઈએ**

**રાજુલાનાં જાગૃત નાગરિક કનુભાઈ દુધરેજીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૫

રાજુલાનાં જાગૃત નાગરિક કનુભાઈ દુધરેજીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, તકવાદીઓ સરકારની ઉદારતાનો લાભ લેતા હોય છે. જેમકે ગરીબોને મફત અનાજ કે રાહતદરે અનાજ અપાતું હોય છે પરંતુ એમા હમણા–હમણા ફેરીયાઓ સેકન્ડ પ્લાસ્ટીકની ડોલ, બેકેટ, તપેલા આપી એમની ભારોભાર અનાજ લઈ જાય છે. જે અનાજને લાભ માટે અપાય છે. સરકારનો આવો ઈરાદો હોય કે મારા રાજયમાં કોઈ ભુખ્યું ન રહે પરંતુ એ અનાજ બારોબાર પગ કરી કરી જાય તો તકેદારી રાખી આવા ઈસમો ખરીદનાર અને વેચનાર બન્ને સજા થવી જોઈએ. જે કાર્ડધારક પુરવઠો વેચી નાખે તેના કાર્ડ રદ થવા જોઈએ અને ખરીદનાર કઈ–કઈ મીલોમાં આપે છે તેની જાણકારી લઈ કાર્યવાહી કરવી જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, ગરીબ માણસોને રોજીરોટી કમાવવા ખભે થેલા લઈ કે પાથરણા પાથરી કે હેન્ડ લારી લઈ સામાન, શાકભાજી વેચતા હોય છે. જેનાથી એમનું ગુજરાન ચાલે. પરંતુ હમણાં હમણા મોટી–મોટી ઠંડાપીણા, બદામ શેઈક કે આઈસ્ક્રીમની દુકાનો ધરાવતા વેપારીઓ ૨૦ ફૂટ લાંબી, ૧૦ ફૂટ ઉંચી, ફરતીચરવાની, છોટા હાથી કે અન્ય ફોર વ્હીલો લઈ રસ્તાની અડોઅડ કે અવર–જવરનાં રસ્તે આવી મોટી ગાડીઓ દિવસનાં સતર કલાક એક જગ્યાએ રાખી ટ્રાફીક અડચણ ઉભી કરતા હોય છે. એમ એક ગાડી હોય તો વાંધો નહી પરંતુ એક વેપારી ગામમાં ૬–૬ જગ્યાએ આવા મોટા વાહનો રાખી નડતર કરતા હોય છે.

બે વપારીઓ 'મહાવિર' આઈસ્ક્રીમ અને 'સોમનાથ' આઈસ્ક્રીમ નામના વેપારીઓએ છોટા હાથી જયા પાર્ક પાસે બસ સ્ટોપ છે ત્યાં અત્યારથી ગાડીઓ ગોઠવી છે. સર્કલ બને એ પહેલા એવી જ રીતે કોહિનુર હોટલ પાસે, વેરાવળ–જાફરાબાદ જવાના રોડની અડોઅડ, પ્રાઈવેટ બસો ઉભી રહે છે એ જલારામ સર્કલ પાસે, તુલસીબાગ પાસે

અનુસંધાન પાના ૬ ઉપર

## હવાલા પેટે ૫૦ લાખ તથા પાંચ કરોડની ખંડણી માંગીને

# ધારીનાં કુબડા ગામે દોઢ લાખ કઢાવનાર આરોપી ઝડપાયા

**એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો**



અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાના કુબડા ગામે રહેતા દલસુખભાઈ પોપટભાઈ કોટડીયા નામનાં ૬૨ વર્ષિય વૃધ્ધ ખેડૂતના રહેણાંક મકાને ગત તા. ૧૪નાં રોજ સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે રહેતા આરોપી શૈલેષ નાથુભાઈ ચાંદુ તથા

અનુસંધાન પાના ૬ ઉપર

## કમીગઢ જવાનાં માર્ગ ઉપર

# બરવાળા બાવીશી ગામની સીમમાં જુગાર રમતા ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે ૬.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**



અમરેલી, તા. ૨૫

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે અમરેલી તાલુકાના કમીગઢથી બરવાળા બાવીશી ગામે જવાના રસ્તે સીમ વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા આશીષભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## મેડિકલ કોલેજ ધરાવતી હોસ્પિટલમાં અનેક સુવિધાનો અભાવ

# અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં ''એઈમ્સ'' જેવી સુવિધા અપાવવા સત્તાપક્ષના આગેવાનો આગળ આવે

**એક્સ રે, સોનોગ્રાફી, ટીએમટી, એમઆરઆઈ સહિતના તમામ પરીક્ષણ વિનામુલ્યે થવા જોઈએ**




અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે હયાત સિવિલ હોસ્પિટલને મેડિકલ કોલેજ સાથે સંલગ્ન કરવા માટે સરકારે પીપીપી ધોરણે સિવિલ હોસ્પિટલનુ સંચાલન ખાનગી ટ્રસ્ટને સોંપી દીધા બાદ મેડિકલ કોલેજ તો કાર્યરત થઈ પરંતુ સિવિલ હોસ્પિટલઈમાં જે સુવિધા મળવી જોઈએ તેનો અભાવ જોવા મળી રહ્યો છે. કાળઝાળ મોંઘવારીના માહોલમાં જિલ્લાભરમાંથી સારવાર અર્થે પધારતા દર્દીનારાયણને એકસ–રેથી લઈને સોનોગ્રાફી, ટીએમટી, એમઆરઆઈ જેવી સુવિધા મફતમાં મળતી નથી, અનેક વખત રકતની કમી, બહારની લખાતી દવાઓ, નિષ્ણાંત તબીબોનો અભાવ સહિતની પરેશાનીનો સામનો કરવો પડી રહયો છે.

અમરેલીથી લઈને ઈન્ડિયા સુધી એકચક્રી ભાજપનું શાસન હોવાથી જિલ્લાનાં ભાજપનાં ચુંટોલ પ્રતિનિધિઓએ હોસ્પિટલમાં દર્દીનારાયણને વધારેમાં વધારે સુવિધા મફતમાં મળે તે માટે કમર કસવી જોઈએ.

## ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# આનંદો : બાબરા અને કુંકાવાવનાં ૨૨ જેટલા ગામોનો વીજ સમસ્યાથી છુટકારો

**વાસાવડ પેટા વિભાગીય કચેરીનું કરાશે વિભાજન**

બાબરા, તા. ૨૫

પીજીવીસીએલના રાજકોટ ગ્રામ્ય વર્તુળ તાબા હેઠળ આવેલ ગોંડલ વિભાગીય કચેરી હેઠળ આવેલ વાસાવડ પેટા વિભાગીય કચેરીનું વિભાજન કરવા અંગે દરખાસ્ત કરવામાં આવતા આ અંગેની જાણ બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાને આ બાબત આવતાં જ તરત જ ધારાસભ્ય દ્વારા ગુજરાત રાજયના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ ને પત્ર લખી રજુઆત કરી હતી કે, પીજીવીસીએલનું વાસાવડ પેટા વિભાગીય કચેરીનું કામ કરવાનું કાર્યક્ષેત્ર ૧૮૦૮ સ્કવેર કિમી ના વિસ્તાર મા વ્યાપેલ છે જેમાં કુલ ૩૭૬૯૯ ગ્રાહકોને વિજ પુરવઠો પહોચાડવાની કામગીરી કરવામાં આવે છે તથા વિજ

અનુસંધાન પાના ૬ ઉપર

## પત્નીએ દારૂ પીવાની ના પાડતા

# અમરેલીનાં વાલ્મિકી વાસમાં રહેતી પરિણીતાને પતિએ મારી નાખવાની ધમકી આપી

**વઘાસીયા હોસ્પિટલ બહાર બોલાવી કર્યો હુમલો**

અમરેલી, તા. ૨૫

અમરેલીનાં ગજેરાપરામાં આવેલ વાલ્મિકી વાસમાં રહેતા જયોતીકાબેન હિતેષભાઈ જેઠવાનાં પતિ જુનાગઢ ગામે રહેતા આરોપી હિતેષભાઈ ભગવાનજીભાઈ જેઠવાને દારૂ પીવાની ટેવ હોય. જેથી પરિણીતાએ આરોપીને દારૂ પીવાની ના પાડતા આરોપીને સારૂ નહિ લાગતા તા. ૨૩નાં રોજ ૫:૪૫ વાગ્યે પોતાની પત્ની વઘાસીયા ઓર્થોપેડીક હોસ્પિટલમાં નાકરી ગયેલ હોય અને પોતાની પત્નીને હોસ્પિટલ બહાર બોલાવી જાનથી મારી નાખવાના ઈરાદે તેની પાસે રહેલ કટ્ટર પોતાની પત્નીને ગળાનાં વચ્ચેના ભાગે મારવા જતા પત્નીની ડોક ત્રાસી થઈ જતા ડાબા કાનના નીચેના ભાગે કટ્ટર લાગી ગયેલ. બાદમાં બીજો ઘા ગળાના ભાગે મારવા જતા પત્નીએ કટ્ટર પકડી લેતા તેણીને જમણા હાથે હથેળીમાં ઈજા થયેલ હોય. ત્યારે આરોપીએ જતા જતા પોતાના બંને દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)